ઉત્સવ-દાન વગેરે પણ કરવામાં આવે છે; પરંતુ તે આનંદમાં પ્રમાદ હોવો જોઈએ નહીં. વ્યર્થ સમય નષ્ટ કરનાર બાજીપત્તાં-ચોપાટ વગેરે રમવું, બીડી-સિગારેટ-શરાબ વગેરેનું વિતરણ કરવું, નાચ-તમાશા કરાવવા, પાર્ટીઓમાં પાર-વિનાનો ખર્ચ કરવો વગેરે બધાં આદર્શને બગાડનારાં કાર્ય છે, જે અનુચિત અને ત્યાજ્ય છે. તે પ્રસંગે શાસ્ત્રાનુસાર જાતકર્મ અને નામકરણ વગેરે સંસ્કાર અવશ્ય કરાવવા જોઈએ, કે જેનાથી બાળકનું યથાર્થ મંગળ થાય અને તેના હૃદયમાં શુભ સંસ્કારોનો સંચાર થાય.

આ જ પ્રમાણે ચરિત્રનાશક સિનેમા, પ્રમાદ વધારનારી ક્લબો વગેરેમાં જવામાં તથા વ્યર્થ નાચગાન વગેરે જોવામાં સમય, ધન અને શુભ સંસ્કારોનો નાશ થાય છે. એનાથી યથાસંભવ બચવું જોઈએ.

શિક્ષણક્ષેત્રમાં નૈતિક સ્તર નીચું જઈ રહ્યું છે. વિદ્યાર્થીઓમાં ઉચ્છૃંખલતા વધી રહી છે. પરસ્પર સ્નેહ તથા વિનયનો અભાવ થતો જઈ રહ્યો છે. નૈતિક ઉન્નતિનું લક્ષ્ય ઘટી રહ્યું છે. ખાણી-પીણીમાં ભ્રષ્ટતા વધી રહી છે. આ પ્રત્યે પૂરું ધ્યાન આપવામાં આવે એ આવશ્યક છે; કેમ કે આ વિદ્યાર્થીઓ જ ભવિષ્યમાં દેશની ઉન્નતિનું કારણ બની શકે છે. પાઠ્યક્રમમાં જરૂરી સુધારો થવો જોઈએ, કે જેથી શિક્ષણ સસ્તું, સુવિધાજનક, ટૂંકા સમયગાળાનું તથા નૈતિક ઉત્થાન કરનારું બને. બાલિકાઓ અને બાળકોનું સહશિક્ષણ ઘણું હાનિકારક છે. એનાથી તેમનું મન ભણવામાં લાગતું નથી તથા બ્રહ્મચર્યનો નાશ થાય છે. આ પ્રથાને સર્વથા હટાવીને જુદા-જુદા અધ્યયનની વ્યવસ્થા થવી જોઈએ.

આજકાલ લગભગ બધા જ વિભાગોમાં અનૈતિકતાનો સંચાર થઈ ગયો છે તથા ભ્રષ્ટાચાર પ્રત્યેની નફરત દૂર થતી જઈ રહી છે. ઊલટાનું ક્યાંક ક્યાંક તો મનુષ્ય ભ્રષ્ટાચાર કરીને પોતાનામાં ગૌરવ તથા બુદ્ધિમાની હોવાનું માને છે, જે નૈતિક પતનનો એક પ્રત્યક્ષ દાખલો છે. રુશવતખોરી એક સાધારણ વ્યવહાર જેવી બની ગઈ છે. સરકાર તથા જનતા બંનેએ આ પાપ મિટાવવા પ્રયત્નશીલ થવું જોઈએ.

વેપારીઓને વિનંતી છે કે વેપારમાં ઇન્કમટેક્સ, સેલટેક્સ વગેરેની ચોરી નહીં કરીને સરકારને સાચે-સાચો હિસાબ બતાવવો જોઈએ; કારણ કે આમાં જૂઠ, કપટ, બેઈમાની કરવી પડે છે અને રોજમેળ-ખાતાવહીઓમાં ખોટાં જમા-ઉધાર કરવાં પડે છે. એનાથી પાપ તો થાય જ છે, ઉપરાંત સંસારમાં બદનામી થાય છે, પકડાઈ જવાથી દંડ થાય છે, આત્મામાં ગ્લાનિ થાય છે તેમ જ આત્માનું પતન થાય છે તથા મર્યા પછી દુર્ગતિ થાય છે અને ચોરી-અન્યાયના પૈસા તો ટકતા પણ નથી. તેથી આ પાપાચારને સર્વથા બંધ કરી દેવો જોઈએ. થોડા-સરખા જીવનને આ રીતે પાપમય બનાવીને નષ્ટ નહીં કરવું જોઈએ.

વ્યાપારને ઉચ્ચ કોટિનો અને સાચો બનાવવો જોઈએ. જૂઠ-કપટનો ત્યાગ કરીને નિષ્કામભાવથી જે વેપાર કરવામાં આવે છે તેવા જ વેપારથી મનુષ્યનું કલ્યાણ થઈ જાય છે. વેપારમાં વજન, માપ-તોલ અને સંખ્યામાં નહીં તો કોઈને ઓછું આપવું જોઈએ કે નહીં તો કોઈની પાસેથી વધારે લેવું પણ જોઈએ. દલાલી, નફો, કમિશન, આડત, વ્યાજ, લાગો, ભાડું વગેરે નક્કી કર્યા પછી ન તો ઓછું આપવું જોઈએ અને ન તો વધારે લેવું જોઈએ. શણ, રૂ, ઊન, સોપારી વગેરેમાં પાણી નાખીને એને વધારે વજનનું કરી દેવું એ ઘણું મોટું પાપ છે. આ પ્રમાણે વેપારમાં બીજાં પણ ઘણાંબધાં પાપ છે, તેમનાથી બચવું જોઈએ. સરસવ, અળસી, શણ, કપાસ વગેરેનો સારો નમૂનો બતાવીને હલકું આપવું, સારી ચીજમાં હલકી ચીજ મેળવી દેવી – જેમ કે, ઘીમાં વેજિટેબલ, સરસવ, તલ, મગફળી, કોપરું વગેરે સારા તેલમાં બીજું તેલ ભેળવવું, દાળ, જીરુ વગેરેમાં માટી મેળવવી, નકલી દવા તથા નકલી ગોળ, મરચું, સાબુ, પીપળ વગેરે બનાવવું તેમ જ બ્રાહ્મી-આંબળા તેલના નામે નકલી તેલ બનાવવું – આ બધાં મોટાં પાપ છે, એમનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

વેપારમાં જૂઠ, કપટ, ચોરી, બેઈમાની, વિશ્વાસઘાત, દગાબાજીને ત્યજીને બધાંની સાથે સમાન વ્યવહાર કરતા રહીને પરોપકારની દૃષ્ટિથી

સ્વાર્થત્યાગપૂર્વક અને નિષ્કામભાવથી જે વેપાર કરવામાં આવે છે, તેનાથી વેપાર કરનારાની રાજ્યમાં અને આ લોકમાં તો પ્રતિષ્ઠા થાય છે જ, ઉપરાંત તેના અંતઃકરણની શુદ્ધિ થાય છે અને તેને પરમાત્માની પ્રાપ્તિ પણ સહજે જ થઈ શકે છે.

ભાવ એવો છે કે સ્વાર્થત્યાગપૂર્વક નિષ્કામભાવે ઉત્તમ વ્યવહાર કરવાથી મનુષ્યનું સત્વરે કલ્યાણ થઈ શકે છે. ઉત્તમ વ્યવહારનું નામ જ સદાચાર છે. મનુષ્યના હૃદયમાં સત્ય (સત્) ભાવ હોવાથી તેનું આચરણ પણ સત્ય જ થાય છે. સત્ય આચરણનું જ બીજું નામ સદાચાર છે. તેથી મનુષ્યે બધાંના હિતની દૃષ્ટિથી બધાંની સાથે ઉત્તમમાં ઉત્તમ વ્યવહાર કરવો જોઈએ; આ જ મનુષ્યનો ધર્મ છે. ધર્મની ઉત્પત્તિ ઉત્તમ આચરણથી જ થાય છે. મહાભારતમાં બતાવવામાં આવ્યું છે –

सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥

(મહાભારત, અનુશાસનપર્વ - ૧૪૯/૧૩૭)

'બધાં શાસ્ત્રોમાં આચારને પ્રથમ માનવામાં આવે છે, આચારથી જ ધર્મની ઉત્પત્તિ થાય છે અને ધર્મના સ્વામી ભગવાન અચ્યુત છે.'

અહીં 'આચાર'નું તાત્પર્ય છે ઉત્તમમાં ઉત્તમ વ્યવહાર. ઉત્તમમાં ઉત્તમ વ્યવહાર માટે નીચે નોંધેલી પાંચ વાતોની આવશ્યકતા છે –

(૧) સ્વાર્થનો ત્યાગ,

(૨) અહંકારનો ત્યાગ,

(૩) સત્ય આચરણ,

(૪) વિનય,

(૫) પ્રેમ.

અભિપ્રાય એવો છે કે જે કોઈની સાથે વ્યવહાર કરવામાં આવે તેની સાથે સ્વાર્થ અને અહંકારનો સર્વથા ત્યાગ કરીને, વિનય અને પ્રેમથી યુક્ત સત્ય વ્યવહાર કરવો જોઈએ. આવો વ્યવહાર જ સર્વોત્તમ છે. એનાથી

ધર્મનું સંપાદન થાય છે. ધર્મ શું છે?

यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।

(વૈશેષિકદર્શન - સૂત્ર ૨)

'જેનાથી પોતાનો તથા બીજાઓનો આ લોકમાં અભ્યુદય અને પરલોકમાં પરમ કલ્યાણ થાય તે જ ધર્મ છે.'

જેમાં બીજાઓનું હિત થાય છે, પોતાનું હિત તો તેની અંતર્ગત જ છે. તેથી બીજાનું હિત કરવા જેવો કોઈ ધર્મ નથી. શ્રીતુલસીદાસજીએ કહ્યું છે –

પર હિત સરિસ ધર્મ નહિં ભાઈ । પર પીડ़ા સમ નહિં અધમાઈ ॥

(રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૪૧/૧)

પરહિત બસ જિન્હ કે મન માહીં । તિન્હ કહુઁ જગ દુર્લભ કછુ નાહીં ॥

(રામચરિતમાનસ, અરણ્યકાંડ - ૩૧/૫)

'બીજાઓનું હિત કરવા જેવો કોઈ ધર્મ નથી અને બીજાઓને કષ્ટ આપવા જેવો કોઈ અધર્મ નથી. જેમના મનમાં બીજાઓનું હિત વસે છે તે મનુષ્યો માટે સંસારમાં કોઈ પણ વસ્તુ દુર્લભ નથી.' ભાવ એવો છે કે નિઃસ્વાર્થભાવને કારણે તેમનું સહેજમાં જ કલ્યાણ થઈ શકે છે. ભગવાન પણ ગીતામાં કહે છે –

ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥

(ગીતા - ૧૨/૪નો ઉત્તરાર્ધ)

'જેઓ સમસ્ત પ્રાણીઓના હિતમાં રત રહે છે તેઓ મને જ પ્રાપ્ત કરે છે.'

તેથી મનુષ્યમાત્રનું એ કર્તવ્ય છે કે જેમાં બધાંનું હિત હોય તેવું જ કાર્ય તે કરે.

આપણાં શાસ્ત્રોમાં 'ભૂતયજ્ઞ'ના નામે જે બલિવૈશ્વદેવ કરવાનું વિધાન કરવામાં આવેલું છે તેનો પણ એ જ ભાવ છે કે સઘળા સંસારને બલિ (ભોજન) આપીને જ ભોજન કરવું જોઈએ. જો તમે કહશો કે કોઈ

મનુષ્ય સઘળા વિશ્વને ભોજન કેવી રીતે કરાવી શકે અને ગરીબ તો કરાવી જ શકે કેવી રીતે? - તો વાત બરાબર છે; પરંતુ એમાં નથી તો પૈસાનો પણ વધારાનો ખર્ચ અને નથી તો કોઈ પરિશ્રમ પણ. ભોજન તૈયાર થઈ ગયા પછી ફક્ત પચીસ ગ્રાસથી જ આ કાર્ય સંપન્ન થઈ જાય છે. એમાંથી પાંચ ગ્રાસ તો દેવતાઓની તૃપ્તિ માટે મંત્રોચ્ચારણપૂર્વક અગ્નિમાં હવન કરવામાં આવે છે અને બાકીના વીસ ગ્રાસ ભૂમિ પર છોડવામાં આવે છે, આ ગ્રાસ બધાંની તૃપ્તિ માટે ગાય વગેરેને આપી દેવામાં આવે છે. એનાથી સઘળા વિશ્વની તૃપ્તિ થઈ જાય છે. મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું છે –

અગ્નૌ પ્રાસ્તાહુતિઃ સમ્યગાદિત્યમુપતિષ્ઠતે ।
આદિત્યાજ્જાયતે વૃષ્ટિર્વૃષ્ટેરન્નં તતઃ પ્રજાઃ ॥

(મનુસ્મૃતિ - ૩/૭૬)

'શાસ્ત્રોક્ત વિધિથી અગ્નિમાં આપેલી આહુતિ સૂર્યમાં સ્થિત થાય છે, સૂર્યથી મેઘ દ્વારા વરસાદ થાય છે અને વરસાદ થવાથી અન્ન પેદા થાય છે તથા અન્નથી પ્રજા ઉત્પન્ન થાય છે (તેમ જ અન્નથી જ બધા જીવોની તૃપ્તિ અને વૃદ્ધિ થાય છે).'

આ જ પ્રમાણે ગાયોની તૃપ્તિથી પણ બધાંની તૃપ્તિ થઈ જાય છે. ગાયના દૂધ, દહીં, ઘીથી દેવતા, મનુષ્ય, પિતૃઓ વગેરે બધા તૃપ્ત થાય છે તથા ગાયના છાણ-મળમૂત્રના ખાતર દ્વારા અન્નની ઉત્પત્તિ થાય છે, જેનાથી બધાં પ્રાણીઓની તૃપ્તિ થાય છે. તેથી બધાંના હિત માટે નિષ્કામભાવે બલિવૈશ્વદેવ કરવો એ ઘણી ઊંચી કક્ષાનું કાર્ય છે. ગીતામાં કહેવામાં આવ્યું છે –

યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।
ભુઞ્જતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ॥

(ગીતા - ૩/૧૩)

'યજ્ઞમાંથી વધેલું અન્ન ખાનારા શ્રેષ્ઠ મનુષ્યો બધાં પાપોમાંથી મુક્ત

થઈ જાય છે અને જે પાપી લોકો પોતાનું શરીરપોષણ કરવા માટે જ અન્ન રાંધે છે તેઓ તો પાપને જ ખાય છે.'

અન્નાદ્ ભવન્તિ ભૂતાનિ પર્જન્યાદન્નસમ્ભવઃ।
યજ્ઞાદ્ ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદ્ભવઃ॥

(ગીતા - ૩/૧૪)

'કેમ કે સઘળાં પ્રાણીઓ અન્નથી જ ઉત્પન્ન થાય છે, અન્નની ઉત્પત્તિ વૃષ્ટિથી થાય છે, વૃષ્ટિ યજ્ઞથી થાય છે અને યજ્ઞ વિહિત કર્મોથી ઉત્પન્ન થનારો છે.'

આ જ પ્રમાણે બધાંને પાણી પિવડાવીને પાણી પીવું એ પણ ઘણું ઉચ્ચ કોટિનું કાર્ય છે. જ્યારે મનુષ્ય જળથી તર્પણ કરે છે ત્યારે પહેલાં બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતાઓનું અને પછી ઋષિઓનું, તે પછી મનુષ્યોનું અને પછી જે છે તે બધાં ભૂત-પ્રાણીઓનું તર્પણ કરે છે. તર્પણનું આ જળ સૂર્યને મળી જાય છે તેમ જ સૂર્ય પાસેથી વરસાદ દ્વારા સઘળાં પ્રાણીઓને પ્રાપ્ત થઈ જાય છે.

તેથી શાસ્ત્રોમાં ઋષિ-મુનિઓએ મનુષ્ય માટે બધાં પ્રાણીઓનું હિત કરવાનો આદેશ આપ્યો છે.

બધાંના હિતની દૃષ્ટિથી અહંકાર અને સ્વાર્થનો ત્યાગ કરીને વિનય અને પ્રેમપૂર્વક સત્ય-વ્યવહાર કરવાથી તેની, જેની સાથે વ્યવહાર કરવામાં આવે છે તેના પર ઘણી સારી અસર થાય છે, તેના પર તેની છાપ પડે છે, બીજાઓને પણ એનાથી સારો બોધ મળે છે તથા પોતાના આત્માની પણ શુદ્ધિ થાય છે અને તેથી સાચી ઉન્નતિ થાય છે. તેથી એનાથી સંસારને ઘણો લાભ થાય છે. જેઓ બીજાંઓના હિત માટે પોતાનું તન, મન, ધન અર્પણ કરીને જીવે છે તેમનું જીવન ધન્ય છે. પોતાના વ્યક્તિગત સ્વાર્થની સિદ્ધિ માટે જીવવું એ તો પશુતુલ્ય છે. ચાણક્ય નીતિમાં બતાવવામાં આવ્યું છે –

આહારનિદ્રાભયમૈથુનાનિ
સમાનિ ચૈતાનિ નૃણાં પશૂનામ્ ।
જ્ઞાનં નરાણામધિકો વિશેષો
જ્ઞાનેન હીનાઃ પશુભિઃ સમાનાઃ ॥

(ચાણક્યનીતિ - ૧૭/૧૭)

'આહાર, નિદ્રા, ભય અને મૈથુન – આ મનુષ્યો અને પશુઓમાં એકસમાન જ છે. મનુષ્યોમાં ફક્ત વિશેષતા એ જ છે કે તેમનામાં પોતાના કર્તવ્યનું જ્ઞાન અધિક છે; પરંતુ જ્ઞાન વિનાના મનુષ્યો પશુતુલ્ય જ છે.'

કેમ કે આ મનુષ્યશરીર આત્માના ઉદ્ધાર માટે મળ્યું છે, વિષય-ભોગ માટે નહીં અને નથી તો એ સ્વર્ગની પ્રાપ્તિ માટે પણ મળ્યું. પરંતુ જે મનુષ્ય પોતાના સમયને આ પ્રમાણે નહીં વિતાવતાં વિષય-ભોગોમાં રમણ કરે છે તેની તો શાસ્ત્રોમાં નિંદા કરવામાં આવી છે. શ્રીતુલસીદાસજીએ કહ્યું છે – **એહિ તન કર ફલ બિષય ન ભાઈ । સ્વર્ગઉ સ્વલ્પ અંત દુખદાઈ ॥**
નર તનુ પાઇ બિષયઁ મનદેહીં । પલટિ સુધા તે સઠ બિષ લેહીં ॥
તાહિ કબહુઁ ભલ કહઇ ન કોઈ । ગુંજા ગ્રહઈ પરસ મનિ ખોઈ ॥

(રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૪૪/૧-૨)

જેમ લોભી મનુષ્ય પ્રત્યેક આપલેના વ્યવહારમાં એવો જ વિચાર કરે છે કે 'આનાથી મને શો લાભ થશે?' 'આનાથી મને શો લાભ થશે?' - એ રીતે સ્વાર્થ-બુદ્ધિ કરીને જ તે કાર્યમાં પ્રવૃત્ત થાય છે. પરંતુ જે પોતાનું કલ્યાણ ઇચ્છે છે તેણે આ પ્રમાણે વિચાર કરવો જોઈએ કે 'આ કાર્ય કરવાથી જગતના પ્રાણીમાત્રને શો લાભ થશે?' મનુષ્યે સમષ્ટિના લાભ માટે પોતાના વ્યક્તિગત સ્વાર્થનો ત્યાગ કરી દેવો જોઈએ અને 'મેં ત્યાગ કર્યો છે' એવા અભિમાનનો પણ ત્યાગ કરી દેવો જોઈએ. આ પ્રમાણે સ્વાર્થ-ત્યાગપૂર્વકનો નિષ્કામ પ્રેમ-ભાવ થવાથી મનુષ્યનો સત્વરે જ સુધાર થતાં તેનો ઉદ્ધાર થઈ શકે છે.

પરમ પુરુષાર્થ

સંસારમાં ચાર પદાર્થો છે – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ પૈકીના ધર્મ અને મોક્ષની પ્રાપ્તિમાં તો પુરુષાર્થ મુખ્ય છે, જ્યારે અર્થ અને કામની પ્રાપ્તિમાં પ્રારબ્ધ મુખ્ય છે. આમ હોવા છતાં પણ લોકો અર્થ અને કામ માટે અથાગ પરિશ્રમ કરે છે; પરંતુ તેમના પરિશ્રમથી કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી. તેથી મનુષ્યે જે કંઈ સાંસારિક સુખ-દુઃખ વગેરેની પ્રાપ્તિ થાય તે વિષે તર્ક-વિતર્ક નહીં કરતાં તેને ભગવાનનું મંગલમય વિધાન માનવું જોઈએ. શ્રીરામચરિતમાનસમાં પણ કહેવામાં આવ્યું છે –

હોઈહિ સોઈ જો રામ રચિરાખા। કો કરિ તર્ક બઢ઼ાવૈ સાખા॥

(રામચરિતમાનસ, બાલકાંડ - ૫૨/૪)

કારણ કે મનુષ્ય કર્મ કરવામાં તો લગભગ સ્વતંત્ર છે, પણ ફળ ભોગવવામાં નહીં. ગીતામાં ભગવાન કહે છે –

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ॥

(ગીતા - ૨/૪૭)

'તારો કર્મ કરવામાં જ અધિકાર છે, તેનાં ફળમાં ક્યારેય નહીં. તેથી તું કર્મોનાં ફળનો હેતુ ન થા તથા તારી કર્મ નહીં કરવામાં પણ આસક્તિ ન થાઓ.'

તેથી મનુષ્યે એવું સમજીને કે ભોગ અને અર્થની પ્રાપ્તિ તો પ્રારબ્ધનું ફળ છે, ક્રિયા તો તેમાં નિમિત્તમાત્ર છે, ભોગ અને અર્થની પ્રાપ્તિ માટે ક્યારેય પાપમય ક્રિયા કરવી જોઈએ નહીં; કારણ કે થશે તો તે

જ કે જે ભાગ્યમાં લખ્યું છે; પછી પાપ કરીને પોતાના માથે બોજો શા માટે લાદવો? તેથી અર્થ અને કામ માટે પાપ કરવું એ ભારોભાર મૂર્ખતા છે.

પણ આનો અભિપ્રાય એવો નથી કે કોઈ પણ ક્રિયા કર્યા વિના આપણે આળસુ બનીને બેસી જઈએ. કશું પણ કર્યા વગર તો કોઈ ક્ષણભર માટે પણ રહી શકતું નથી. મનુષ્ય કોઈ ને કોઈ ક્રિયા ઘણું કરીને કરતો જ રહે છે. જો તે પાપ કરે છે, પોતાના કર્તવ્યનું પાલન કરતો નથી તો તેને એના ફળસ્વરૂપે નરકોની પ્રાપ્તિ થાય છે. તેથી મનુષ્યે કોઈ પણ ક્રિયા પાપમય અને વ્યર્થ તો કરવી જ નહીં જોઈએ, કામોપભોગ અને અર્થપ્રાપ્તિના ઉદ્દેશ્યથી પણ નહીં કરવી જોઈએ; બલકે પોતાનું કર્તવ્ય સમજીને નિષ્કામ અને અનાસક્તભાવે અને આત્માની શુદ્ધિ દ્વારા કલ્યાણપ્રાપ્તિ માટે કરવી જોઈએ.

ભગવાને ગીતામાં કહ્યું છે –

કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈરિન્દ્રિયૈરપિ ।
યોગિનઃ કર્મ કુર્વન્તિ સઙ્ગં ત્યક્ત્વાઽઽત્મશુદ્ધયે ॥

(ગીતા - ૫/૧૧)

'કર્મયોગીઓ મમત્વ-બુદ્ધિરહિત કેવળ ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને શરીર વડે પણ આસક્તિનો ત્યાગ કરીને અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે.'

યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા શાન્તિમાપ્નોતિ નૈષ્ઠિકીમ્ ।
અયુક્તઃ કામકારેણ ફલે સક્તો નિબધ્યતે ॥

(ગીતા - ૫/૧૨)

'કર્મયોગી કર્મોનાં ફળનો ત્યાગ કરીને ભગવત્પ્રાપ્તિરૂપી શાંતિને પ્રાપ્ત કરે છે અને સકામ મનુષ્ય કામનાની પ્રેરણાથી ફળમાં આસક્ત થઈને બંધાય છે.'

તેથી નિષ્કામભાવે પોતાના કર્તવ્યનું પાલન કરવું એ જ ઉચિત છે; કારણ કે ધર્મના પાલનમાં અને મોક્ષની પ્રાપ્તિમાં પુરુષાર્થ જ મુખ્ય

છે. તેથી મનુષ્યે તેના માટે વિશેષ કોશિશ કરવી જોઈએ; કારણ કે તે માટે જ આ મનુષ્ય-જીવન મળ્યું છે. મનુષ્ય-જીવનની સાર્થકતા પરમ પુરુષાર્થરૂપ પરમાત્માની પ્રાપ્તિમાં જ છે. તેમાં પ્રારબ્ધનો બિલકુલ હાથ નથી. પ્રારબ્ધ આત્માના કલ્યાણમાં બાધક પણ નથી, અને સાધક પણ નથી. લોકો પત્ની, પુત્ર, ધન વગેરેનો વિનાશ થવાથી તથા શરીર રોગગ્રસ્ત થવાથી પરમાત્માની પ્રાપ્તિરૂપ પરમપુરુષાર્થનું સાધન છોડી દે છે અથવા તો સાધન કરવામાં શિથિલતા વર્તે છે. આ તેમની કમજોરી છે; એમાં કેવળ તેમની મૂર્ખતા જ કારણભૂત છે. તેથી વિચારવાન મનુષ્યે પરમાત્માની પ્રાપ્તિના સાધનરૂપ યોગ માટે તત્પરતાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. ગીતામાં ભગવાન કહે છે –

તં વિદ્યાદ્ દુઃખસંયોગવિયોગં યોગસંજ્ઞિતમ્ ।
સ નિશ્ચયેન યોક્તવ્યો યોગોઽનિર્વિણ્ણચેતસા ॥

(ગીતા - ૬/૨૩)

'જે દુઃખરૂપ સંસારના સંયોગથી રહિત છે તથા જેનું નામ યોગ છે તેને જાણવો જોઈએ. તે યોગ કંટાળ્યા વિના અર્થાત્ ધૈર્ય અને ઉત્સાહયુક્ત ચિત્તથી નિશ્ચયપૂર્વક કરવો જોઈએ.'

આપણને આ મનુષ્ય-શરીર એશ-આરામ, સ્વાદ-શોખ અને ભોગ-વિલાસ માટે નથી મળ્યું. આહાર, નિદ્રા, મૈથુન વગેરે વિષયભોગો તો જીવને પશુ-પક્ષી વગેરે યોનિઓમાં પણ મળે છે. મનુષ્ય-શરીર તો પરમાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષ અને ધર્મપાલન માટે જ મળ્યું છે. શ્રીચાણક્યનીતિમાં બતાવવામાં આવ્યું છે –

આહારનિદ્રાભયમૈથુનાનિ
સમાનિ ચૈતાનિ નૃણાં પશૂનામ્ ।
જ્ઞાનં નરાણામધિકો વિશેષો
જ્ઞાનેન હીનાઃ પશુભિઃ સમાનાઃ ॥

(ચાણક્યનીતિ - ૧૭/૧૭)

'આહાર, નિદ્રા, ભય ઔર મૈથુન – આ મનુષ્યો અને પશુઓમાં એકસમાન જ છે. મનુષ્યોમાં વિશેષતા એ છે કે તેમનામાં જ્ઞાન અધિક હોય છે; જ્ઞાનથી રહિત મનુષ્યો તો પશુ-તુલ્ય જ છે.'

તેથી પરમાત્મવિષયક યથાર્થ જ્ઞાન જે કોઈ પ્રકારથી થાય તે જ ધર્મયુક્ત પુરુષાર્થ માટે વિશેષ પ્રયત્ન કરવો જોઈએ. જે મનુષ્ય દેહમાં પ્રાણ રહે એ દરમિયાન કામ-ક્રોધ, લોભ-મોહ વગેરે અવગુણોને ત્યજીને યોગયુક્ત થઈને જે પ્રયોજન માટે આ મનુષ્ય શરીર તેને મળ્યું છે તે પ્રયોજનને સિદ્ધ કરી લે છે તે સાચા સુખનો અનુભવ કરી શકે છે. ભગવાને પણ ગીતામાં કહ્યું છે –

શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્ શરીરવિમોક્ષણાત્ ।
કામક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ ॥

(ગીતા - ૫/૨૩)

'જે સાધક આ મનુષ્ય-શરીરમાં, શરીરનો નાશ થતાં પહેલાં જ કામ-ક્રોધથી ઉત્પન્ન થનારા વેગને સહન કરવામાં સમર્થ થઈ જાય છે; તે મનુષ્ય યોગી છે અને તે સુખી છે.'

પરંતુ આ મનુષ્ય-શરીરને પામીને પણ જે કામ-ક્રોધ, લોભ-મોહમાં ફસેલો રહીને પોતાનું જીવન વિતાવે છે તે પરમાત્માની પ્રાપ્તિથી વંચિત રહીને ઘોર નરકમાં જાય છે. તેથી દુર્ગુણ-દુરાચારનો સર્વથા ત્યાગ કરીને આત્માના કલ્યાણ માટે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને સદાચારના પાલનમાં જ પોતાનું જીવન વિતાવવું જોઈએ. ગીતામાં પણ ભગવાને કહ્યું છે –

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ ત્રયં ત્યજેત્ ॥

(ગીતા - ૧૬/૨૧)

'કામ, ક્રોધ તથા લોભ – આ ત્રણ પ્રકારનાં નરકનાં દ્વાર આત્માનો નાશ કરનારાં અર્થાત્ તેને અધોગતિમાં લઈ જનારાં છે, તેથી એ ત્રણેયનો ત્યાગ કરવો જોઈએ.'

એતૈર્વિમુક્તઃ કૌન્તેય તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ ।
આચરત્યાત્મનઃ શ્રેયસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥

(ગીતા - ૧૬/૨૨)

'હે અર્જુન! નરકનાં આ ત્રણે દ્વારોમાંથી મુક્ત થયેલો મનુષ્ય પોતાના કલ્યાણનું આચરણ કરે છે; એનાથી તે પરમ ગતિમાં જાય છે અર્થાત્ મને પ્રાપ્ત કરી લે છે.'

આ મનુષ્યશરીર ઘણું જ મૂલ્યવાન છે તથા ઘણા જ સૌભાગ્ય અને ઈશ્વરની કૃપાથી પ્રાપ્ત થયું છે. તેથી તેને અર્થ, કામ અને ભોગોમાં પ્રયોજવું જોઈએ નહીં; કારણ કે શરીર, સંસાર અને ભોગોમાં જે સુખ-બુદ્ધિ છે તે અજ્ઞાનને લીધે છે; વાસ્તવમાં ભોગોમાં સુખ નથી. આ બધાં નાશવંત, ક્ષણભંગુર અને અનિત્ય છે. તેથી વિવેકી મનુષ્યોએ એમાં નહીં ફસાતાં ભગવાનના ભજન-ધ્યાન, સેવા-પૂજા, નમસ્કાર, સ્તુતિ-પ્રાર્થના વગેરેમાં જ પોતાના જીવનને જોડવું જોઈએ. ભગવાને કહ્યું છે –

અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥

(ગીતા - ૯/૩૩)

'તેથી તું સુખરહિત અને ક્ષણભંગુર આ મનુષ્યશરીરને પામીને નિરંતર મારું જ ભજન કર.'

આ સિવાય વર્ણાશ્રમ અનુસાર અનાસક્તભાવે પોતાના કર્તવ્યનું પાલન કરવાથી પણ મનુષ્ય પરમ પુરુષાર્થરૂપ મોક્ષને પ્રાપ્ત કરી લે છે. ભગવાન ગીતાના ત્રીજા અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં અર્જુનને કહે છે –

તસ્માદસક્તઃ સતતં કાર્યં કર્મ સમાચર ।
અસક્તો હ્યાચરન્ કર્મ પરમાપ્નોતિ પૂરુષઃ ॥

(ગીતા - ૩/૧૯)

'તેથી તું નિરંતર આસક્તિથી રહિત થઈને હંમેશાં કર્તવ્યકર્મોને સમ્યક્‌પણે કરતો રહે; કારણ કે આસક્તિથી રહિત થઈને કર્મ કરતો

રહેતો મનુષ્ય પરમાત્માને પામે છે.'

અર્જુન ક્ષત્રિય હતો; તેથી ભગવાન તેને સ્વધર્મરૂપ ક્ષાત્રધર્મમાં જોડાયેલો રહેવા માટે ઉત્સાહ આપતાં તથા ઉત્તેજિત કરતાં કહે છે –

ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે ।
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ ॥

(ગીતા - ૨/૩)

'તેથી હે અર્જુન! તું કાયરતાને વશ ન થા, તારામાં આ ઉચિત જણાતું નથી. હે પરંતપ! હૃદયની તુચ્છ દુર્બળતાને ત્યજીને યુદ્ધ માટે ઊભો થઈ જા.'

સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ ।
ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ ક્ષત્રિયસ્ય ન વિદ્યતે ॥

(ગીતા - ૨/૩૧)

'તથા પોતાના ધર્મને લક્ષમાં લેતાં પણ તું ભય પામવાને યોગ્ય નથી એટલે કે તારે ભય નહીં રાખવો જોઈએ; કારણ કે ક્ષત્રિયો માટે ધર્મયુક્ત યુદ્ધ કરતાં ઉત્તમ બીજું કોઈ કલ્યાણકારી કર્તવ્ય નથી.'

સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।
તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ॥

(ગીતા - ૨/૩૮)

'જય-પરાજય, લાભ-હાનિ અને સુખ-દુઃખને સમાન સમજ્યા પછી યુદ્ધ માટે તૈયાર થઈ જા; આ પ્રમાણે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહીં – પાપનો ભાગી નહીં થાય.'

આ જ પ્રમાણે અન્ય વર્ણો તથા આશ્રમવાળાઓએ પણ પોત-પોતાના વર્ણાશ્રમ અનુસાર તત્પરતા સાથે અનાસક્ત થઈને નિષ્કામભાવે પોતાના આત્માના ઉદ્ધાર માટે પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રમાણે આત્મોદ્ધાર માટે પ્રયત્ન કરતો રહીને મનુષ્ય જો ધર્મ માટે મરી મિટે તોપણ તેનું કલ્યાણ જ થાય છે –

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥

(ગીતા - ૩/૩૫)

'સારી રીતે આચરણમાં મૂકેલા બીજાના ધર્મ કરતાં ગુણરહિત હોય તોપણ પોતાનો ધર્મ અતિ ઉત્તમ છે. પોતાના ધર્મમાં તો મરવું પણ કલ્યાણકારી છે, જ્યારે બીજાનો ધર્મ ભયપ્રદ છે.

ભગવાને નિષ્કામભાવથી ધર્મપાલન કરવાનો ઘણો મોટો મહિમા ગાયો છે; કારણ કે નિષ્કામભાવથી આચરવામાં આવેલા થોડાક પણ ધર્મથી મનુષ્યનું કલ્યાણ થઈ જાય છે.

નેહાભિક્રમનાશોઽસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ॥

(ગીતા - ૨/૪૦)

'આ કર્મયોગમાં આરંભનો અર્થાત્ બીજનો નાશ થતો નથી. અને વિપરીત ફળરૂપી દોષ પણ નથી; બલકે આ કર્મયોગરૂપી ધર્મનું થોડુંક પણ સાધન જન્મ-મૃત્યુરૂપી મહાન ભયમાંથી ઉગારી લે છે.'

પરંતુ જે મનુષ્યશરીર પામીને પોતાના કર્તવ્યથી ચ્યુત (ભ્રષ્ટ) થઈ જાય છે તે તો જીવતો છતાં મરેલા જેવો છે; કારણ કે તેનું જીવવું વ્યર્થ અને નિંદનીય છે –

એવં પ્રવર્તિતં ચક્રં નાનુવર્તયતીહ યઃ ।
અઘાયુરિન્દ્રિયારામો મોઘં પાર્થ સ જીવતિ ॥

(ગીતા - ૩/૧૬)

'હે પાર્થ! જે મનુષ્ય આ લોકમાં આ પ્રમાણે પરંપરાથી પ્રચલિત સૃષ્ટિચક્રને અનુકૂળ વર્તતો નથી અર્થાત્ પોતાના કર્તવ્યનું પાલન કરતો નથી, તે ઇન્દ્રિયો વડે ભોગોમાં રમણ કરનારો પાપાયુ મનુષ્ય વ્યર્થ જ જીવે છે.'

તેથી મનુષ્યે કોઈ કાળે પણ કર્તવ્યચ્યુત થવું જોઈએ નહીં તથા

ભોગ અને પ્રમાદ-આળસમાં પણ પોતાનું જીવન ક્યારેય વિતાવવું જોઈએ નહીં. મનુષ્ય-શરીર પામીને જે મનુષ્ય પોતાનું જીવન ભોગોમાં વિતાવે છે તેના માટે શ્રીતુલસીદાસજી શ્રીરામચરિતમાનસના ઉત્તરકાંડમાં કહે છે –

નર નુ પાઇ બિષયઁ મન દેહીં। પલટિ સુધા તેસઠ બિષ લેહીં॥
તાહિ કબહુઁ ભલ કહઇ ન કોઈ। ગુંજા ગ્રહઈ પરસ મનિ ખોઈ॥

(રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૪૪/૧-૨)

કારણ કે આ મનુષ્ય-શરીર આ લોક અને પરલોકમાં કામોપભોગ કરવા માટે નથી મળ્યું, આત્માનું કલ્યાણ કરવા માટે જ મળ્યું છે.

એહિ તન કર ફલ બિષય ન ભાઈ। સ્વર્ગઉ સ્વલ્પ અંત દુખદાઈ॥

(રામચરિતમાનસ, ઉત્તરકાંડ - ૪૪/૧)

પરંતુ ઘણાબધા મનુષ્યો પરમપુરુષાર્થરૂપ પરમાત્માની પ્રાપ્તિની બાબતમાં અને ધર્માચરણની બાબતમાં દૈવ એટલે કે પ્રારબ્ધને મુખ્ય માનીને સાધન છોડી બેસે છે; તે શ્રદ્ધાહીન અને સંશયયુક્ત મનુષ્યો મૂર્ખતાને કારણે જ પરમપુરુષાર્થરૂપ મોક્ષથી વંચિત રહે છે. તેમને ક્યાંય પણ સુખ મળતું નથી –

અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ।
નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ॥

(ગીતા - ૪/૪૦)

'વિવેકહીન અને શ્રદ્ધારહિત સંશયયુક્ત મનુષ્ય પરમાર્થમાંથી અવશ્ય ભ્રષ્ટ થઈ જાય છે. એવા સંશયયુક્ત મનુષ્ય માટે નથી તો આ લોક કે નથી પરલોક અને નથી તો સુખ પણ.'

તેથી મનુષ્યે જ્ઞાન વડે સંશયનું છેદન કરીને પોતાનાં કર્તવ્ય-કર્મોના પાલન માટે પરમપુરુષાર્થ કરવો જોઈએ.

મન-ઇન્દ્રિયોને વશ કરીને પરમાત્માને પ્રાપ્ત કરવા

કઠોપનિષદમાં શરીરને રથ, ઇન્દ્રિયોને ઘોડા, મનને લગામ, બુદ્ધિને સારથિ, ઇન્દ્રિયોના વિષયોને રથના ચાલવાનો માર્ગ અને જીવાત્માને રથી બતાવવામાં આવ્યાં છે. પરમાત્માના અંશભૂત જીવાત્માએ આ જ રથ વડે વિષયોના માર્ગ પર ચાલીને જ પરમાત્માના પરમ ધામમાં પહોંચવાનું છે. રથને ઘોડા જ ચલાવે છે, પરંતુ ઘોડા ઉચ્છૃંખલ થઈને ઊલટા માર્ગ પર પણ જઈ શકે છે અને વશમાં રહીને સીધા પરમાત્માના માર્ગ પર પણ ચાલી શકે છે. રથનો જે સારથિ વિવેકયુક્ત, અપ્રમત્ત, સ્વામીનો આજ્ઞાકારી, લક્ષ્ય પર સ્થિર, બળવાન, રસ્તાનો જાણકાર અને ઘોડાઓને લગામના સહારે પોતાના વશમાં રાખનારો હોય તે ઇચ્છાનુસાર સન્માર્ગ પર ચલાવી શકે છે અને તે રથ પોતાના લક્ષ્ય પર પહોંચી જાય છે. આ જ રીતે જે મનુષ્યની બુદ્ધિ વિવેકસંપન્ન, જીવાત્માને પરમાત્માના ધામમાં લઈ જવા માટે તત્પર, પરમાત્મામાં લાગેલી, મન-ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખનાર, સદા સાવધાની સાથે સૌને સાધન-માર્ગ પર લઈ જનારી હોય છે, તે મનુષ્ય ઇન્દ્રિયો વડે વિષયોમાં વિચરતો હોવા છતાં પણ, જેમ સત્-સારથિ દ્વારા સંચાલિત રથ માર્ગ પર ચાલીને લક્ષ્ય તરફ આગળ વધતો રહે છે તે જ રીતે પરમાત્મા તરફ આગળ વધતો રહે છે. ઇન્દ્રિયો તથા મન જો સાધકના પોતાના વશમાં હોય અને સાધક તેમને ભગવત્સંબંધી વિષયોમાં જ સંલગ્ન રાખે તો આ રીતે તે ઇન્દ્રિયોનું વિષયોમાં વિચરણ કરવું હાનિકારક નથી, ઊલટાનું

લાભદાયક છે; કારણ કે આમ કરીને તે પરમાત્માની નજીક પહોંચી જાય છે. જ્યાં સુધી શરીર, ઇન્દ્રિયો અને મન છે ત્યાં સુધી તેમને વિષયોમાંથી સર્વથા અળગાં કરી દેવાં સંભવ નથી. તેથી સાધકે તેમનામાંથી રાગ-દ્વેષને હટાવીને વિશુદ્ધ બનાવી અને પછી તેમનો યથાયોગ્ય સાધનરૂપ વિષયોમાં ઉપયોગ કરવો. ભગવાને કહ્યું છે –

રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥
પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।
પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥

(ગીતા - ૨/૬૪-૬૫)

'પોતાને આધીન કરેલા અંતઃકરણવાળો સાધક તો પોતાને વશ કરેલી રાગ-દ્વેષથી રહિત ઇન્દ્રિયો વડે વિષયોમાં વિચરણ કરતો રહીને અંતઃકરણની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. અંતઃકરણની પ્રસન્નતા થવાથી તેનાં સઘળાં દુઃખોનો અભાવ થઈ જાય છે અને તે પ્રસન્ન ચિત્તવાળા કર્મયોગીની બુદ્ધિ સત્વરે બધી બાજુએથી હટીને પરમાત્મામાં જ સમ્યક્‌પણે સ્થિર થઈ જાય છે.'

આ છે વશમાં કરેલાં રાગદ્વેષરહિત મન-ઇન્દ્રિયોના સદ્‌વિષયોમાં વિચરણ કરવાનું પરિણામ! જે મન-ઇન્દ્રિયો વડે ઇન્દ્રિય-સુખની આશાથી વિષયોનો ઉપભોગ કરીને દુઃખોને નિમંત્રણ આપવામાં આવે છે તે જ મન-ઇન્દ્રિયો પાસેથી તેમને સાધનમાં પ્રયોજીને પરમાત્માની પ્રાપ્તિ કરી શકાય છે. પરંતુ જેની બુદ્ધિ અસાવધાન છે, નિર્બળ છે, ઇન્દ્રિયોને તથા મનને આધીન છે, પ્રમત્ત છે, લક્ષ્યશૂન્ય છે અને પરમાત્માને ભૂલેલી છે; તેને એ જ ઇન્દ્રિયો વિપરીત માર્ગમાં અગ્રેસર થઈને તેવી રીતે જ સર્વથા પતનની ખાઈમાં પાડી દે છે, અથવા કોઈ ભયાનક દુષ્કર્મરૂપી પથ્થર સાથે ભિડાવીને માનવ-જીવનના ચૂરે-ચૂરા નાખે છે, કે જેવી રીતે

અસાવધાન અને નિર્બળ સારથિ વડે લગામ પ્રચંડ બળવાળા ઘોડાઓને આધીન છોડી દેવાથી તે ઘોડાઓ તે રથને સારથિ અને રથી સહિત ઊંડા ખાડામાં નાખી દે છે અથવા કોઈ દીવાલ સાથે ભટકાડીને ચકનાચૂર કરી નાખે છે.

વિચાર કરવાથી માલૂમ પડે છે કે ઇન્દ્રિયો સ્વાભાવિક જ બહિર્મુખી છે. તેઓ નિત્ય-નિરંતર વિષયોના ઉપભોગના લોભમાં પડેલી, વિષયો તરફ દોડતી હોય છે અને મન-બુદ્ધિને પણ બળપૂર્વક ખેંચતી રહે છે. તેથી તેમને સદા-સર્વદા સાવધાનીથી મનના સહારે એટલે કે મનને તેમની સાથે નહીં જવા દઈને વશમાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. ઇન્દ્રિયો વશમાં નહીં હોય અને મન તેમને સાથ આપવા લાગશે તો તેઓ બુદ્ધિને તેવી રીતે જ વિચલિત કરી દેશે કે જેવી રીતે પાણી પર ચાલતી નૌકાને પવન ડગમગાવી દે છે. ભગવાને ગીતામાં આ જ કહ્યું છે –

ઇન્દ્રિયાણાં હિ ચરતાં યન્મનોઽનુ વિધીયતે ।
તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવામ્ભસિ ॥

(ગીતા - ૨/૬૭)

'કારણ કે જેમ પાણીમાં ચાલતી નૌકાને પવન ખેંચી જાય છે તેવી જ રીતે વિષયોમાં વિચરતી ઇન્દ્રિયોમાંથી જે ઇન્દ્રિયની સાથે મન રહે છે તે એક જ ઇન્દ્રિય આ અયુક્ત મનુષ્યની બુદ્ધિને હરી લે છે.'

આ બાબતમાં ભગવાન કહે છે –

તસ્માદ્યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥

(ગીતા - ૨/૬૮)

'તેથી હે મહાબાહુ! જે પુરુષની ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોથી બધી રીતે નિગૃહીત કરાયેલી છે, તેની બુદ્ધિ સ્થિર છે.'

જે રીતે ચતુર અને સુયોગ્ય નાવિક નાવને વમળમાંથી તથા પ્રબળ

જળપ્રવાહમાં વહી જવામાંથી બચાવીને, ખાસ કરીને, શઢના સહારે પવનને અનુકૂળ બનાવીને સાવધાનીપૂર્વક હલેસાં મારતો રહીને માર્ગ પર આગળ વધે છે તો નાવ સુરક્ષિતપણે પોતાના ગન્તવ્ય સ્થાને પહોંચી જાય છે. આ જ રીતે ભ્રમ-પ્રમાદ વગેરેથી રહિત સુયોગ્ય એકનિષ્ઠ સાધક બુદ્ધિ-મન-ઇન્દ્રિયોથી યુક્ત શરીર-રથને રાગ-દ્વેષરૂપી વમળ તથા કામનારૂપી તીવ્રગતિ જળ-પ્રવાહમાંથી બચાવીને સત્સંગરૂપી શઢના સહારે ભગવત્કૃપારૂપી પવનને અનુકૂળ બનાવીને આગળ વધતો રહે છે તો તે સુરક્ષિતપણે ભગવાનના પરમધામમાં પહોંચી જાય છે.

તેથી સાધકે પોતાને શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિનો સ્વામી માનીને, તેમના વશમાં નહીં થઈને, બલકે ઇન્દ્રિયોને તેમના પતનકારી તથા અનાવશ્યક મનમાન્યા વિષયોમાં જતી રોકીને, તેમનામાં રહેલા રાગ-દ્વેષમાંથી તેમને છોડાવીને મનને વશ કરવું જોઈએ અને બુદ્ધિને એક પરમાત્મનિષ્ઠ નિશ્ચયાત્મિકા બનાવીને પરમાત્મામાં સ્થિર કરી દેવી જોઈએ. ખરેખરા અર્થમાં આવું થઈ જવાથી તો મન-ઇન્દ્રિયો વડે થનારાં બધાં કાર્યો સહજ રીતે જ ભગવત્કાર્ય બની જાય છે. પરંતુ આની પહેલાં સાધનકાળમાં પણ આ આદર્શ અનુસાર સાધન કરવાથી ચિત્તની પ્રસન્નતા-નિર્મળતા પ્રાપ્ત થઈ જાય છે અને તેના વડે ભગવત્પ્રાપ્તિનો માર્ગ સુલભ અને પ્રશસ્ત થઈ જાય છે. તેથી સાધકનું એ કર્તવ્ય છે કે તે આ રીતે સાધન કરીને માનવ-જીવનના પરમ લક્ષ્ય પરમશાંતિને અને પરમાનંદસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરે.

પરમ સેવા દ્વારા કલ્યાણ

સંસારનાં લગભગ બધાં જ પ્રાણીઓ દુઃખમાં નિમગ્ન છે. દુઃખના બે ભેદ છે – (૧) લૌકિક અને (૨) પારલૌકિક. લૌકિક દુઃખ પણ ત્રણ પ્રકારનાં હોય છે – (૧) આધિભૌતિક, (૨) આધિદૈવિક અને (૩) આધ્યાત્મિક. મનુષ્ય, પશુ-પક્ષી, કીડા-પતંગિયાં વગેરે પ્રાણીઓ થકી જે દુઃખ પ્રાપ્ત થાય છે તે 'આધિભૌતિક' દુઃખ છે. વાયુ, અગ્નિ, જળ, વૃષ્ટિ, દેશ, કાળ, નક્ષત્ર, સૂર્ય, ચંદ્રમા વગેરેના અભિમાની દેવતાઓ થકી જે દુઃખ પ્રાપ્ત થાય છે તે 'આધિદૈવિક' દુઃખ છે. 'આધ્યાત્મિક' દુઃખ બે પ્રકારનું હોય છે – (૧) આધિ અને (૨) વ્યાધિ. આધિના પણ બે ભેદ છે – (૧) મન-બુદ્ધિનું પાગલપણું, મૂર્ચ્છા, ઉન્માદ, હિસ્ટીરિયા વગેરે રોગો તથા (૨) કામ-ક્રોધ, લોભ-મોહ, મદ-મત્સર, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-ભય, છળ-કપટ, અહંતા-મમતા વગેરે અધ્યાત્મવિષયક હાનિ કરનારા દુર્ગુણો. આ બધાને તથા આ જ પ્રકારના અન્ય માનસિક રોગોને 'આધિ' કહેવામાં આવે છે. શરીર અને ઇન્દ્રિયોમાં થતા રોગોને 'વ્યાધિ' કહે છે. તેમ જ પારલૌકિક દુઃખ છે – મર્યા પછી પરલોકમાં કે ફરી આ લોકમાં આવીને અનેક પ્રકારની યોનિઓમાં ભ્રમણ કરવું. આ બધા જ પ્રકારનાં દુઃખોનો સર્વથા અભાવ પરમાત્માના યથાર્થ જ્ઞાનથી થાય છે. પરમાત્માના યથાર્થ જ્ઞાનથી જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. પરમાત્માની પ્રાપ્તિ થવાથી ઉપર્યુક્ત બધાં જ દુઃખોનો અત્યંત અભાવ થઈ જાય છે અને તેથી સદાને માટે પરમશાંતિ અને પરમાનંદની પ્રાપ્તિ થઈ જાય છે.

જોકે પરમાત્માને પામેલા મનુષ્યના શરીરમાં પણ પ્રારબ્ધને કારણે ઉપર્યુક્ત દુઃખોની પ્રાપ્તિ લોકોના જોવામાં આવી શકે છે, તેમ છતાં વાસ્તવમાં તેનો આત્મા બધાં દુઃખોથી રહિત જ છે. તેનામાં રાગ-દ્વેષ, હર્ષ-શોક વગેરે વિકારોનો અત્યંત અભાવ થઈ જાય છે તેમ જ શરીર, ઇન્દ્રિયો અને અંતઃકરણની સાથે તેના આત્માનો કોઈ પણ પ્રકારનો સંબંધ રહેતો નથી; તેથી તેના પ્રારબ્ધથી થતાં શરીરસંબંધી દુઃખોનું હોવું કોઈ મૂલ્ય ધરાવતું નથી.

તે પરમાત્માનું યથાર્થ જ્ઞાન ઈશ્વરની ભક્તિ, સત્પુરુષોનો સંગ, ગીતા વગેરે શાસ્ત્રોનો સ્વાધ્યાય, નિષ્કામ કર્મ, ધ્યાનયોગ અને જ્ઞાનયોગ વગેરેનાં સાધનથી થાય છે. તેમાંથી ભગવદ્‌ભક્તિપૂર્વક નિષ્કામ કર્મનો થોડોક વિષય નીચે બતાવવામાં આવે છે.

શ્રીભગવાન સઘળાં ભૂત-પ્રાણીઓમાં વિરાજેલા છે. તેથી સૌની સેવા એ ભગવાનની સેવા છે. ગીતા કહે છે –

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥

(ગીતા - ૧૮/૪૬)

'જે પરમેશ્વરથી સઘળાં પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ સમસ્ત જગત વ્યાપ્ત છે તે પરમેશ્વરની પોતાનાં સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને મનુષ્ય પરમ સિદ્ધિ પામી લે છે.'

ઉપર્યુક્ત સેવા સિદ્ધ પુરુષો વડે તો સ્વાભાવિક જ થતી રહે છે. સાધક માટે સિદ્ધ પુરુષોના ગુણો અને તેમનાં આચરણો જ અનુકરણીય છે. તેથી સાધકે તેમના ગુણો અને આચરણોનું લક્ષ્ય રાખીને તે અનુસાર સાધન કરવું જોઈએ. આવા સિદ્ધ પ્રેમી ભક્તોનાં લક્ષણ ભગવાને ગીતાના બારમા અધ્યાયના ૧૩માથી ૧૯મા સુધીના શ્લોકોમાં બતાવ્યાં છે તથા તેમને અનુસરીને ચાલનારા ભક્તને ભગવાને પોતાનો 'પ્રિયતર' કહ્યો છે –

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

(ગીતા - ૧૨/૨૦)

'પરંતુ જે શ્રદ્ધાયુક્ત મનુષ્યો મારે પરાયણ થઈને આ ઉપર કહેલા ધર્મમય અમૃતનું નિષ્કામ પ્રેમભાવથી સેવન કરે છે તે ભક્તો મને અતિશય પ્રિય છે.'

તેથી બધાંમાં ભગવાનને વ્યાપ્ત સમજીને ભગવાનની આજ્ઞા અનુસાર તેમનાં નામ-રૂપને યાદ રાખતા રહીને નિષ્કામભાવે બધાંની સેવા કરવી જોઈએ. તે સેવાનાં બે રૂપ હોય છે – (૧) સેવા અને (૨) પરમ સેવા.

ભૂકંપ, પૂર, દુષ્કાળ, અગ્નિકાંડ વગેરેથી કષ્ટ આવી પડવાથી કે રોગ વગેરેથી ગ્રસ્ત થવાથી અથવા બીજા કોઈ કષ્ટને કારણે જેઓ દુઃખી, અનાથ અને આર્ત થઈ રહ્યાં છે તે સ્ત્રી-પુરુષોના દુઃખનું નિવારણ કરવાનું અને તેમને સુખ પહોંચાડવાનું નામ 'સેવા' છે. આ લૌકિક સેવાના અનેક પ્રકાર છે. જેવા કે –

(૧) કોઈ બીમાર – આતુર વ્યક્તિ કે જે રસ્તા પર પડી છે, જેની પાસે ખાવા-પીવાનું પણ કશું નથી, કપડાં પણ નથી અને રહેવાનું ઠેકાણું પણ નથી તથા દવા અને પથ્યનું સાધન પણ નથી, તેવી વ્યક્તિને દવાખાનામાં દાખલ કરાવીને કે ક્યાંય પણ રાખીને અન્ન-વસ્ત્ર અને દવા, ચિકિત્સા, પથ્ય વગેરેનો પ્રબંધ પોતે કરી દેવો અથવા કરાવી દેવો. આ રીતે ધનહીન ગરીબ અનાથ બીમારોની સેવા કરવી એ ઘણું જ ઉત્તમ છે. તેથી દરેક ભાઈએ આ સેવા-કાર્ય કરવું જોઈએ. ધર્માદા ચિકિત્સા-સંસ્થાઓમાં કામ કરનારા તેમ જ નિષ્કામી વૈદ્યોએ એવો નિયમ રાખવો જોઈએ કે બીમાર માણસો પાસેથી સંસ્થામાં તો ફી લેવી જ નહીં, બલકે ઘરે જઈને પણ ફી લેવી નહીં.

(૨) કોઈ અગ્નિકાંડ કે પૂરને કારણે જેનાં ઘર-બાર બળી ગયાં હોય કે તણાઈ ગયાં હોય અને જેના ખાવા-પીવા-પહેરવાનો કોઈ પ્રબંધ ન હોય તેમનો પ્રબંધ પોતે કરી દેવો અથવા બીજાઓ વડે કરાવી દેવો.

(૩) ભૂકંપને કારણે જેમનાં મકાન અને બધી સંપત્તિ નષ્ટ થઈ ગઈ હોય, પત્ની-બાળ-બચ્ચાં દટાઈને મરી ગયાં હોય કે સ્ત્રીઓ અને બાળ-બચ્ચાં અસહાય - અનાથ થઈ ગયાં હોય તેમના ખાવા-પીવાનો અને રહેવા વગેરેનો પ્રબંધ પોતે કરી દેવો અથવા કરાવી દેવો.

(૪) જેમનાં માતા-પિતા નથી, અન્ય કોઈ વાલી નથી એવાં અનાથ છોકરા-છોકરીઓને અનાથઆશ્રમમાં કે બીજે ક્યાંક રાખીને તેમના ખાવા-પીવાની અને ભણવા વગેરેની વ્યવસ્થા કરી દેવી.

(૫) ગરીબીને કારણે જો કોઈ પોતાની પુત્રીનાં લગ્ન કરવામાં અસમર્થ હોય તો તેને પોતાની શક્તિ અનુસાર સહાય આપવી અથવા અપાવવી.

(૬) કોઈ વિધવા સ્ત્રીના ખાવા, પીવા, પહેરવા વગેરેની વ્યવસ્થા ન હોય તો તેના ખાવા-પીવા વગેરેની વ્યવસ્થા કરી દેવી અથવા કરાવી દેવી.

આજકાલ ગરીબ ઘરોની વિધવા માતા-બહેનોને તો ખાવા-પીવાનું અને જીવન-નિર્વાહનું કષ્ટ છે જ, પણ ઘણીબધી ધનવાન ઘરોની વિધવા સ્ત્રીઓનો પણ સાસરામાં કે પિયરમાં આદર થતો નથી. ઘરવાળાંઓનો તેમના પ્રત્યે સેવાભાવ નહીં હોવાને કારણે તેમને તેઓ ભારરૂપ જણાય છે. તેથી તેમનો બધી જગ્યાએ તિરસ્કાર થાય છે. તે વિધવાઓની પાસે જે પણ ઘરેણાં કે રોકડા રૂપિયા હોય છે તેને જો તેઓ સાસરામાં કે પિયરમાં જમા કરાવી દે છે તો કોઈ-કોઈ તો તેમના રૂપિયા અને ઘરેણાં હડપ કરી જાય છે. આવી પરિસ્થિતિ ઘણી જગ્યાએ જોવામાં આવે છે. તેથી માતા-બહેનોએ પોતાનાં ઘરેણાં વેચીને રૂપિયા બૅન્કમાં જમા રાખવા

જોઈએ અથવા સારાં ડિબેન્ચર લઈ લેવાં જોઈએ, ભલે તેમના પરનું વ્યાજ ઓછું મળે.

વિધવા માતા-બહેનોને પ્રાર્થના છે કે તેમણે પોતાનું જીવન વિરક્ત મનુષ્યોની જેમ જ્ઞાન-વૈરાગ્ય-સદાચારમાં અને ભજન-ધ્યાન વગેરેરૂપે ઈશ્વરની ભક્તિમાં તથા મન-ઇન્દ્રિયોના સંયમરૂપ તપમાં વિતાવવું જોઈએ; તેમ જ પિયરમાં અને સાસરામાં બધાંની નિષ્કામ સેવા કરવી જોઈએ – જેમ કે ઘરમાં રસોઈ બનાવવી, સીવવું-સાંધવું વગેરે કામ કરવાં તેમના માટે પરમ ઉપયોગી છે. ઘરનો કામ-ધંધો કર્યા વગર ભોજન કરવું એ અનુચિત છે. આ પ્રમાણે નિષ્કામભાવે કાર્ય કરવાથી અંતઃકરણ પણ શુદ્ધ થાય છે અને પિયરનાં તથા સાસરાનાં માણસો પણ પ્રસન્ન રહે છે. વિધવાઓ માટે મુખ્ય વાત છે – પ્રાતઃકાળે અને સાયંકાળે એકાંતમાં બેસીને જપ, ધ્યાન, સ્વાધ્યાય વગેરે કરવું તથા સૂવાના સમયે ભગવાનનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવને યાદ કરતાં-કરતાં સૂવું તેમ જ કામ કરતી વખતે પણ તે કામને ભગવાનનું કામ સમજીને નિઃસ્વાર્થ-ભાવે હરહંમેશ ભગવાનને યાદ કરતાં રહીને ભગવાનની પ્રસન્નતા માટે કામ કરવાનો મહાવરો પાડવો. ભગવાને ગીતામાં કહ્યું છે –

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम्॥

(ગીતા - ૮/૭)

'માટે હે અર્જુન! તું હરહંમેશ નિરંતર મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર. આ પ્રમાણે મારામાં અર્પણ કરેલાં મન-બુદ્ધિથી યુક્ત થઈને તું નિઃસંદેહ મને જ પ્રાપ્ત કરીશ.'

આ જ પ્રમાણે બીજાં સ્ત્રી-પુરુષોએ પણ વિધવા માતા-બહેનોની સાથે ઉત્તમ વ્યવહાર કરવો જોઈએ તેમ જ તેમની સેવા કરવી જોઈએ; કારણ કે પોતાના ધર્મનું પાલન કરનારી વિધવા સ્ત્રીની સેવા દુઃખી,

અનાથ, આતુર અને ગાયની સેવા કરતાં પણ ચડિયાતી છે. આનાથી વિપરીત તેને કષ્ટ આપવું એ તો મહાન હાનિકર છે; કારણ કે દુઃખી વિધવા સ્ત્રીનો અભિશાપ ખતરનાક હોય છે.

આ જ રીતે બીજાં પણ જેઓ કોઈ પણ કારણથી દુઃખી છે તેમનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરવો.

(૭) ગાય, બળદ, સાંઢ વગેરે જે મૂંગાં પશુઓ ચારો, પાણી, સ્થાન વગેરેના અભાવમાં દુઃખી હોય કે રોગી અને વૃદ્ધ થઈ જવાને કારણે જેમનું પાલન તેમનો માલિક ન કરતો હોય તેમનો પ્રબંધ કરવો.

આ જ પ્રમાણે મનુષ્ય, પશુ, પક્ષી, કીડા, પતંગિયાં વગેરે જીવમાત્રનું રક્ષણ કરવું, તેમને દુઃખમાંથી બચાવીને સુખ આપવું – આ બધી 'લૌકિક સેવા' છે.

આ લૌકિક સેવા પણ અભિમાન અને સ્વાર્થનો ત્યાગ કરીને ભગવત્પ્રીતિ-અર્થે નિષ્કામભાવે કરવાથી 'પરમ સેવા'ના રૂપમાં પરિણત થઈ જાય છે.

'પરમ સેવા' તે છે, કે જે અનેક પ્રકારની યોનિઓમાં ભટકતા મનુષ્યને સદાને માટે બધાં દુઃખોથી મુક્ત કરીને પરમાત્માની પ્રાપ્તિ કરાવી દે છે. ભગવત્પ્રાપ્ત મહાપુરુષો વડે તો આ સેવા સ્વાભાવિક જ થતી રહે છે, સાધક મનુષ્ય પણ તે મહાપુરુષો વડે સ્વાભાવિક જ થતી પરમ સેવાને સાધન માનીને કરી શકે છે. જોકે કોઈ પણ મનુષ્યનું કલ્યાણ કરવાનું સામર્થ્ય સાધકોમાં હોતું નથી, તોપણ સર્વશક્તિમાન ભગવાનની આજ્ઞા, દયા અને પ્રેરણાનો આશ્રય લઈને, કર્તાપણાના અભિમાનથી રહિત થઈને તે 'પરમ સેવા'માં નિમિત્ત તો બની જ શકે છે.

આ 'પરમ સેવા'ના પણ ઘણા પ્રકાર છે. જેવા કે –

(૧) સંસારમાં ભટકતા રહેતા મનુષ્યોને, જન્મ-મરણથી છૂટવા માટે શાસ્ત્રનાં કે મહાપુરુષોનાં વચનોના આધાર પર જ્ઞાનયોગ, ધ્યાનયોગ,

કર્મયોગ, ભક્તિયોગ વગેરેનું શિક્ષણ આપવું.

(૨) જે મરણાસન્ન મનુષ્ય ગીતા, રામાયણ વગેરે કે ભગવાનનાં નામ સાંભળવા ઇચ્છતો હોય તેને તે બધું સંભળાવવું.

આ કાર્ય યજ્ઞ-દાન, તપ-સેવા, જપ-ધ્યાન, પૂજા-પાઠ, સત્સંગ-સ્વાધ્યાય કરતાં પણ વધારે મહત્ત્વની વસ્તુ છે; કારણ કે આ બધાં સાધન તો આપણે બીજા સમયે પણ કરી શકીએ છીએ; પરંતુ જે મરણાસન્ન છે તેને ભગવદ્‌વિષયક વાતો સંભળાવવાનું કામ તેના મર્યા પછી તો થઈ શકતું નથી. કોઈ મરણાસન્ન મનુષ્યને જપ-ધ્યાન, પૂજા-પાઠ, સત્સંગ-સ્વાધ્યાય વગેરે કરાવવાથી તેનું મન જો ભગવાનમાં લાગી જાય તો તેનું કલ્યાણ તે જ સમયે થઈ શકે છે. ભગવાને કહ્યું છે –

અન્તકાલે ચ મામેવ સ્મરન્મુક્ત્વા કલેવરમ્ ।
યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ॥

(ગીતા ૮/૫)

'જે મનુષ્ય અંતકાળે પણ મારું જ સ્મરણ કરતો કરતો શરીરનો ત્યાગ કરે છે તે મારા સાક્ષાત્ સ્વરૂપને પ્રાપ્ત કરે છે – એમાં કશોય સંશય નથી.'

તેથી આ પ્રમાણે પ્રયત્ન કરતાં કરતાં જો એક મનુષ્યનું પણ કલ્યાણ આપણા વડે થઈ ગયું તો આપણો આ જન્મ સફળ થઈ ગયો; કારણ કે મનુષ્યનો જન્મ આત્માનું કલ્યાણ કરવા માટે જ છે. આપણે પોતાનું કલ્યાણ ન કરી શક્યા, પરંતુ આપણા વડે કોઈ એક મનુષ્યનું પણ કલ્યાણ થઈ ગયું તો આપણું પણ આ જીવન સફળ થઈ ગયું. આપણે ભગવાન પાસેથી કાંઈ પણ માગીશું નહીં તોપણ ભગવાન આપણું કલ્યાણ જ કરશે; કારણ કે આપણે આ કાર્ય અભિમાન, સ્વાર્થ અને અહંકારથી રહિત થઈને કેવળ ભગવાનની પ્રસન્નતા માટે નિષ્કામભાવે કરી રહ્યા છીએ. જો આપણો વારંવાર જન્મ થાય અને આપણને ભગવાન આ

કામ સોંપે તો આપણા માટે આ કામ મુક્તિ કરતાં પણ ચડિયાતું હશે. તેથી આવો મોકો મળી જાય તો તેને છોડવો જોઈએ નહીં. લાખ કામ છોડીને પણ આ કામ સૌથી પહેલાં કરવું જોઈએ; કારણ કે આ પ્રકારના અત્યંત આતુર મનુષ્યની પરમ સેવા કરતાં વધારે ઉત્તમ મનુષ્ય માટે કોઈ પણ કર્તવ્ય નથી.

(૩) ગીતા, રામાયણ, ભાગવત વગેરે ધાર્મિક ગ્રંથો; 'કલ્યાણ', 'કલ્યાણ-કલ્પતરુ', 'મહાભારત' વગેરે ધાર્મિક માસિક પત્રો તથા મહાપુરુષોના લેખો, વ્યાખ્યાનો, જીવન-ચરિત્રો તેમણે આપેલાં ઉપદેશ-આદેશાત્મક પ્રવચનો વગેરે – આધ્યાત્મિક પુસ્તકો લગ્ન-આણું વગેરે પ્રસંગોએ આપવાં-અપાવવાં; સાધુ-મહાત્માઓ, વિદ્યાર્થીઓ વગેરેને આપવાં-અપાવવાં અથવા યોગ્ય કિંમતે કે વિનામૂલ્યે લોકહિતાર્થે વિતરણ કરવાં-કરાવવાં; ઋષિકુળ, ગુરુકુળ, બ્રહ્મચર્યાશ્રમ, હાઈસ્કૂલ, કૉલેજ, વિદ્યાલય, પાઠશાળા, જેલખાનું, હૉસ્પિટલ અને આયુર્વેદિક ચિકિત્સાલય વગેરે સંસ્થાઓમાં ઉપર્યુક્ત આધ્યાત્મિક પુસ્તકો મૂલ્ય લઈને કે વિનામૂલ્યે વિતરણ કરવાં-કરાવવાં; દુકાન ખોલીને કે લારીઓ દ્વારા કે સ્વયં ઝોળીમાં લઈને શહેરો, ગામો અને પરા-વિસ્તારની વસ્તીઓમાં અથવા મેળા વગેરેમાં તેમનો પ્રચાર કરવો – આ પણ એક પરમાર્થ-વિષયક સેવા છે. આ સેવા પણ જો અભિમાન અને સ્વાર્થનો ત્યાગ કરીને નિષ્કામભાવે ભગવાનની પ્રસન્નતા માટે કરવામાં આવે તો તે 'પરમ સેવા'માં પરિણત થઈ જાય છે.

તેથી પ્રત્યેક મનુષ્યે આ પ્રચારકાર્ય પોતાના કલ્યાણના – પરમાત્માની પ્રાપ્તિના સાધનનું રૂપ આપીને ભારે તત્પરતા અને ઉત્સાહપૂર્વક કરવું જોઈએ.

યમ-નિયમોના પાલન દ્વારા પરમાત્માની પ્રાપ્તિ

મહર્ષિ પતંજલિએ આત્માના સુધાર અને ઉદ્ધાર માટે યોગનાં આઠ અંગોનું પ્રતિપાદન કર્યું છે – યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ*. એમના સેવનથી મનુષ્યના અંતઃકરણની શુદ્ધિ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેથી તેનું કલ્યાણ થઈ જાય છે, એમાં તો કહેવાનું જ શું હોય? કેવળ યમ અને નિયમનું સાંગોપાંગ પાલન કરવાથી પણ મનુષ્યનો ઉદ્ધાર થઈ શકે છે.

યમ

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - આ પાંચેનું નામ 'યમ' છે.+ એ પાંચે યમોનું બધી જાતિ, બધા દેશ અને બધા કાળમાં પાલન કરવામાં આવે તો એમની 'મહાવ્રત' સંજ્ઞા થઈ જાય છે.++ જૈન શાસ્ત્રોમાં પણ આ પાંચે યમોને 'મહાવ્રત'ના નામે વર્ણવ્યા છે. હવે એમાંના પ્રત્યેક પર અલગ-અલગ વિચાર કરવો જોઈએ.

અહિંસા : બધા પ્રકારે હિંસાનો અત્યંત અભાવ હોવો એ 'અહિંસા' છે. હિંસા વગેરે દોષોના અનેક ભેદ બતાવવામાં આવ્યા છે. સર્વપ્રથમ હિંસાના 'કૃત', 'કારિત' અને 'અનુમોદિત' – આ ત્રણ ભેદ પડે છે. પોતાના દ્વારા કરવામાં આવે તે 'કૃત હિંસા', બીજા દ્વારા કરાવવામાં આવે તે 'કારિત હિંસા' અને કોઈ વ્યક્તિ સ્વેચ્છાથી હિંસા કરે છે તેનું જે સમર્થન કરવું એ 'અનુમોદિત હિંસા' છે. આ ત્રણેય પ્રકારની હિંસા – લોભપૂર્વક, ક્રોધપૂર્વક

---

* यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि ।
(યોગદર્શન - ૨/૨૯)
'યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ – આ આઠ યોગનાં અંગ છે.'

\+ अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः । યોગદર્શન - ૨/૩૦)

++ जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम् । (યોગદર્શન - ૨/૩૧)

અને મોહપૂર્વક થાય છે. આ રીતે તેના નવ ભેદ પડે છે. કોઈ સ્વાર્થને વશીભૂત થઈને જે હિંસા કરવામાં આવે છે તે લોભપૂર્વક હિંસા છે અને કોઈ પ્રત્યેની દ્વેષબુદ્ધિથી જે હિંસા કરવામાં આવે છે તે ક્રોધપૂર્વક હિંસા છે તેમ જ અજ્ઞાન (નાસમજ)થી જે હિંસા કરવામાં આવે છે તે મોહપૂર્વક હિંસા છે. આ નવ પ્રકારની હિંસા મૃદુ, મધ્ય અને અધિમાત્રાના ભેદથી સત્તાવીસ પ્રકારની થઈ જાય છે. કોઈને જે સાધારણ દુઃખ આપવામાં આવે છે તે મૃદુમાત્રામાં હિંસા છે અને કોઈને જે વિશેષ આઘાત પહોંચાડવામાં આવે છે તે મધ્યમાત્રામાં હિંસા છે તેમ જ કોઈનો જે વધ કરવામાં આવે છે તે અધિકમાત્રામાં હિંસા છે. આ પ્રમાણે હિંસાના બીજા પણ ઘણાબધા ભેદ છે.

પરંતુ જો કોઈ વ્યક્તિ મનુષ્ય અને ગાયની હિંસા તો નથી કરતી, બીજા પ્રાણીઓની હિંસા કરે છે તો તે એકદેશીય અહિંસા છે. આ જ પ્રમાણે કોઈ વ્યક્તિ તીર્થોમાં તો હિંસા નથી કરતી, બીજાં સ્થાનોમાં કરે છે તો તે પણ એકદેશીય અહિંસા છે. એ જ રીતે કોઈ વ્યક્તિ સંક્રાંતિ, ગ્રહણ અને પર્વોના દિવસે તો હિંસા નથી કરતી, બીજા દિવસોમાં કરે છે તો તે પણ એકદેશીય અહિંસા છે. એવી જ રીતે જો કોઈ વ્યક્તિ ફક્ત મૃત્યુ, વિવાહ-લગ્ન વગેરે પ્રસંગો સિવાય હિંસા નથી કરતી તો તે અહિંસા પણ એકદેશીય છે, સાર્વભૌમ નથી. સાર્વભૌમ અહિંસા તો તે છે, કે જેમાં કોઈ જાતિ, કોઈ દેશ, કોઈ કાળ અને કોઈ નિમિત્તને લઈને પણ હિંસા ન કરવામાં આવે – હિંસાનો સર્વથા પરિત્યાગ કરવામાં આવે. તેથી જ મન, વાણી અને શરીરથી તેમ જ જ્ઞાત, અજ્ઞાત અને પ્રમાદ - કોઈ પ્રકારે કોઈ પણ પ્રાણીની ક્યારેય ક્યાંય પણ કોઈ પણ નિમિત્તથી કિંચિત્માત્ર પણ હિંસા કરવી નહીં એ 'સાર્વભૌમ અહિંસા' છે.

'ઉક્ત યમ) જાતિ, દેશ, કાળ અને નિમિત્તની સીમાથી રહિત સાર્વભૌમ થયા પછી મહાવ્રત થઈ જાય છે.'

જે રીતે ઉપર હિંસાના ભેદ બતાવવામાં આવ્યા છે તે જ રીતે જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહની બાબતમાં સમજી લેવું જોઈએ.

સત્ય : જે ઘટના, પરિસ્થિતિ અને વાર્તાલાપ સંબંધે જે વાત જોવામાં, સાંભળવામાં અને સમજવામાં આવી હોય તેને તે જ રૂપમાં કહેવી, ન ઓછું કહેવું અને ન વધારે કહેવું તેમ જ યથાતથ (જેવી હોય તેવી) વાત કહીને પણ બીજો ભાવ નહીં સમજાવવો - આ પ્રકારનું કપટરહિત જે યથાર્થ ભાષણ છે, તે 'સત્ય' છે.

લોભ, ક્રોધ કે મોહપૂર્વક થોડી માત્રામાં, મધ્ય માત્રામાં અને અધિક માત્રામાં જૂઠું બોલવું, જૂઠું બોલાવવું કે જૂઠનું સમર્થન કરવું - એ બધું જૂઠ છે. તેથી કોઈના પણ માટે કોઈ પણ સ્થાને, ક્યારેય પણ, કોઈ પણ નિમિત્તને લીધે કિંચિત્તમાત્ર પણ જૂઠું નહીં બોલવું, નહીં બોલાવવું અને સમર્થન ન કરવું; ન જૂઠો સંકેત કરવો, ન જૂઠું આચરણ કરવું અને ન જૂઠો સંકલ્પ પણ કરવો – આ પ્રમાણે આ બધા ભેદોવાળા જૂઠનો સદાને માટે સર્વથા ત્યાગ કરી દેવો એ 'સત્ય' છે.

અસ્તેય : બીજાની જગ્યા-જમીન, મકાન, ધન, પશુ વગેરે કોઈ પણ પ્રકારની સ્થાવર-જંગમ સંપત્તિને જૂઠ, કપટ, વિશ્વાસઘાત, દગાબાજી, જબરદસ્તી - કોઈ પણ પ્રકારે ક્યારેય પોતાના અધિકારમાં નહીં કરવી એ 'અસ્તેય' છે.

લોભ, ક્રોધ કે મોહપૂર્વક થોડી માત્રામાં, મધ્ય માત્રામાં કે અધિક માત્રામાં ચોરી કરવી, ચોરી કરાવવી કે ચોરીનું સમર્થન કરવું – એ બધું જ ચોરી છે. આથી કોઈ પણ જાતિની, કોઈ પણ સ્થાનમાં, કોઈ પણ નિમિત્તને લીધે મન, વાણી અને શરીરથી કિંચિત્માત્ર પણ ક્યારેય ચોરી નહીં કરવી, ચોરી નહીં કરાવવી અને ચોરીનું સમર્થન પણ નહીં કરવું એ 'અસ્તેય' છે.

બ્રહ્મચર્ય : પુરુષ માટે કોઈ પણ સ્ત્રી સાથે કુત્સિતભાવથી દર્શન, ભાષણ, સ્પર્શ, એકાંતવાસ, સ્મરણ, શ્રવણ, ઠઠ્ઠા-મશ્કરી, સહવાસ વગેરેનો

સંબંધ ક્યારેય કોઈ પણ પ્રકારે નહીં રાખવો એ 'બ્રહ્મચર્ય' છે. આ જ રીતે સ્ત્રી માટે પુરુષના વિષયમાં સમજી લેવું જોઈએ.

લોભ, ક્રોધ કે મોહપૂર્વક થોડી માત્રામાં, મધ્ય માત્રામાં કે અધિક માત્રામાં સહવાસ કરવો, કરાવવો કે તેનું અનુમોદન કરવું એ બ્રહ્મચર્યના પાલનમાં કલંક છે, તેથી કોઈ પણ મનુષ્ય કે પશુ વગેરે સાથે ક્યાંય, કોઈ પણ નિમિત્તને લીધે કોઈ પણ પ્રકારે, હાથથી કે બીજા કોઈ અંગથી, ક્યારેય કિંચિત્માત્ર પણ કુત્સિત ચેષ્ટા નહીં કરવી, વાણીથી અશ્લીલ વચન નહીં બોલવાં, મનમાં અશ્લીલ ભાવોને સ્થાન નહીં આપવું, કોઈ પ્રકારનો અશ્લીલ સંકેત નહીં કરવો, બીજાથી નહીં કરાવવો અને આ બાબતનું અનુમોદન નહીં કરવું એ 'સાર્વભૌમ બ્રહ્મચર્ય'નું પાલન છે.

અપરિગ્રહ : શરીર-નિર્વાહ સિવાય સુખ-ભોગની બુદ્ધિથી ભોગ્ય-પદાર્થોનું તેમ જ ધન, મકાન, પશુ વગેરે સ્થાવર-જંગમ સંપત્તિનો સંગ્રહ નહીં કરવો એ 'અપરિગ્રહ' છે.

લોભ, ક્રોધ કે મોહપૂર્વક થોડી માત્રામાં, મધ્ય માત્રામાં કે અધિક માત્રામાં ભોગ-સામગ્રીનો સંગ્રહ કરવો, કરાવવો કે તેનું અનુમોદન કરવું એ 'પરિગ્રહ' છે. તેથી કોઈ પણ નિમિત્તને લીધે ક્યારેય, ક્યાંય, કોઈ પણ પ્રકારે કોઈ પણ ભોગ્ય-પદાર્થનો કે સ્થાવર-જંગમ સંપત્તિનો કિંચિત્માત્ર પણ સંગ્રહ નહીં કરવો, કોઈની પણ પાસે કોઈ ચીજ નહીં માગવી, સંકેત નહીં કરવો, ઇચ્છા નહીં કરવી, સંગ્રહ નહીં કરવો – કરાવવો અને આ બાબતમાં અનુમોદન નહીં કરવું એ 'અપરિગ્રહ' છે.

નિયમ

શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર-પ્રણિધાન – આ પાંચેનું નામ 'નિયમ' છે.* હવે એમના પર અલગ-અલગ વિચાર કરવો જોઈએ.

---

* शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः । (યોગદર્શન - ૨/૩૨)

શૌચ (પવિત્રતા) : પવિત્રતા બે પ્રકારની હોય છે – (૧) બહારની, (૨) અંદરની. બહારની પવિત્રતાના પણ બે ભેદ છે – (૧) શૌચાચાર, (૨) સદાચાર. પાણી-માટીથી સફાઈ કરીને શરીરને, વાળી-ચોળીને ઘરને અને ન્યાયપૂર્વક ઉપાર્જિત કરેલા દ્રવ્યથી ભોજનને પવિત્ર બનાવવું એ 'શૌચાચાર' છે; તેમ જ સ્વાર્થ અને અહંકારનો ત્યાગ કરીને બધાંની સાથે વિનયયુક્ત પ્રેમનો વ્યવહાર કરવો તથા ઉત્તમ આચરણોનું પાલન કરવું એ 'સદાચાર' છે, આ બહારની પવિત્રતા છે; તેમ જ જપ, તપ, તીર્થ, વ્રત, ઉપવાસ વગેરે નિષ્કામ કર્મો અને ઉત્તમ વિચારો દ્વારા હૃદયમાં રહેલા અહંતા-મમતા, કામ-ક્રોધ, લોભ-મોહ, રાગ-દ્વેષ વગેરે દુર્ગુણોનો સર્વથા નાશ કરવો એ અંદરની પવિત્રતા છે.

સંતોષ : પોતાનાં કર્તવ્યોનું પાલન કરતા રહીને તેનું જે કાંઈ પરિણામ આવે તેને તથા સુખ-દુઃખ, લાભ-હાનિ તેમ જ અનુકૂળ-પ્રતિકૂળ પદાર્થ અને પરિસ્થિતિની પ્રાપ્તિ થતાં તેને ઈશ્વરનું મંગલમય વિધાન સમજીને બધા પ્રકારની ઇચ્છાથી રહિત થઈને સમચિત્ત અને પ્રસન્ન રહેવું એ 'સંતોષ' છે.

તપ : શારીરિક અને માનસિક કષ્ટની પ્રાપ્તિ થતાં તેને સહન કરવું તેમ જ મન-ઇન્દ્રિયોને વશમાં રાખીને રાગ-દ્વેષથી રહિત થઈને પોતાના ધર્મનું પાલન અને વ્રત-ઉપવાસ વગેરે દ્વારા શરીર, મન, ઇન્દ્રિયોને તપાવીને શુદ્ધ કરવાં એ 'તપ' છે.

સ્વાધ્યાય : જેમના અધ્યયન-મનનથી પોતાના ઇષ્ટદેવ ઈશ્વરનો સાક્ષાત્કાર થાય તે શાસ્ત્રોનાં અને મહાપુરુષોનાં વચનોનું અર્થ અને ભાવને સમજીને અધ્યયન કરવું એ 'સ્વાધ્યાય' છે.

ઈશ્વર-પ્રણિધાન : સર્વશક્તિમાન, સર્વજ્ઞ, શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમેશ્વરના ગુણ, પ્રભાવ, તત્ત્વ અને સ્વરૂપ શ્રદ્ધાપૂર્વક નિશ્ચય કરીને તેમને જ પરમ પ્રાપ્ય, પરમ ગતિ, પરમ આશ્રય અને સર્વસ્વ સમજવા; તેમને

પોતાના સ્વામી, ભર્તા, પ્રેરક, રક્ષક અને પરમ હિતૈષી સમજીને, બધા પ્રકારે તેમના પર નિર્ભર અને નિર્ભય થઈ જવું; સર્વ કાંઈ ઈશ્વરનું છે એમ સમજીને તેમની આજ્ઞાનું પાલન કરવું; જે કાંઈ પણ દુઃખ-સુખના ભોગ પ્રાપ્ત થાય તેમને ઈશ્વરનો મોકલેલો પુરસ્કાર સમજીને સદૈવ સંતુષ્ટ રહેવું; અતિશય શ્રદ્ધા-પ્રેમપૂર્વક ઈશ્વરનાં નામ, ગુણ, પ્રભાવ, તત્ત્વ અને સ્વરૂપનું નિત્ય-નિરંતર સ્મરણ કરવું તેમ જ પોતાના સર્વસ્વનું અને સ્વયં પોતાનું પણ તેમને સમર્પણ કરી દેવું એ 'ઈશ્વર-પ્રણિધાન' છે.

યોગનાં આ બે અંગો – યમ-નિયમોના સાધનથી અંતઃકરણ શુદ્ધ થઈ જઈને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય એમાં તો કહેવાનું જ શું હોય? જો યોગનાં આ અંગોના એક અંશનું પણ શ્રદ્ધા-ભક્તિપૂર્વક તત્પરતાની સાથે નિષ્કામભાવથી સારી પેઠે પાલન કરી લેવામાં આવે તો તેનાથી પણ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. મહર્ષિ પતંજલિએ કહ્યું છે –

संतोषादनुत्तमसुखलाभः । (યોગદર્શન - ૨/૪૨)

'સંતોષથી તે સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે, કે જેનાથી ઉત્તમ બીજું કોઈ સુખ નથી.' એવું સર્વોત્તમ સુખ પરમાત્માની પ્રાપ્તિ થવાથી જ થઈ શકે છે.

આ જ પ્રમાણે કેવળ સ્વાધ્યાયથી પણ ઈષ્ટદેવ પરમેશ્વરનો સાક્ષાત્કાર થઈ જાય છે –

स्वाध्यायादिष्टदेवतासम्प्रयोगः । (યોગદર્શન - ૨/૪૪)

'સ્વાધ્યાયથી ઈષ્ટદેવતાની સારી પેઠે પ્રાપ્તિ (સાક્ષાત્કાર) થઈ જાય છે.'

આ જ પ્રમાણે અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા ચિત્તવૃત્તિઓના નિરોધરૂપ જે યોગ* બતાવવામાં આવ્યો છે અને જેનું ફળ આત્મસ્વરૂપમાં સ્થિતિ (એનો સાક્ષાત્કાર)+ બતાવવામાં આવ્યું છે તે ચિત્તવૃત્તિનિરોધરૂપી સમાધિની પ્રાપ્તિ

---

* योगश्चित्तवृत्तिनिरोधः । (યોગદર્શન - ૨/૩૨)

\+ तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् । (યોગદર્શન - ૨/૩)

કેવળ 'ઈશ્વર-પ્રણિધાન'થી જ થઈ શકે છે –

ઈશ્વરપ્રણિધાનાદ્વા । (યોગદર્શન - ૨/૨૩)

'આના સિવાય ઈશ્વરપ્રણિધાનથી પણ નિર્બીજ સમાધિની સિદ્ધિ થઈ જાય છે.'

સમાધિસિદ્ધિરીશ્વરપ્રણિધાનાત્ । (યોગદર્શન - ૧/૨૩)

'ઈશ્વરપ્રણિધાનથી સમાધિની સિદ્ધિ થઈ જાય છે.'

આ જ નહીં, ઉપર્યુક્ત ઈશ્વરના નામ-જપ અને એના અર્થની ભાવનાથી જ બધાં વિઘ્નોનો નાશ થતાં – આત્મસ્વરૂપનું જ્ઞાન થવાનું બતાવવામાં આવ્યું છે –

તજ્જપસ્તદર્થભાવનમ્ । તતઃ પ્રત્યક્ચેતનાધિગમોઽપ્યન્તરાયાભાવશ્ચ ।

(યોગદર્શન - ૧/૨૮-૨૯)

'તે ૐનો જપ અને તેના અર્થસ્વરૂપ પરમેશ્વરનું ચિંતન કરવું – આ સાધનથી વિઘ્નોનો અભાવ અને આત્માના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે.'

ઉપર્યુક્ત સર્વોત્તમ સુખની પ્રાપ્તિ, ઈષ્ટદેવતાનો સાક્ષાત્કાર, આત્માના સ્વરૂપમાં સ્થિતિ, ચિત્તવૃત્તિનિરોધરૂપી સમાધિની સિદ્ધિ અને આત્માના સ્વરૂપનું જ્ઞાન – આ બધાં જ કલ્યાણસ્વરૂપ છે.

તેથી એ સિદ્ધ થયું કે યોગના અંગભૂત યમ-નિયમોના એક અંશનું પણ અનુષ્ઠાન સારી પેઠે (સમ્યક્‌પણે) કરવામાં આવે તો તેનાથી જ આત્માનું કલ્યાણ થઈ શકે છે; કારણ કે એકની પૂર્ણતામાં બધાનો સમાવેશ અનાયાસ આપોઆપ થઈ જાય છે. તેથી આપણે ઉપર્યુક્ત યમ-નિયમોના સ્વરૂપને સમજીને તેમનું નિષ્કામભાવથી શ્રદ્ધા-ભક્તિપૂર્વક તત્પરતા સાથે સમ્યક્‌પણે પાલન કરવું જોઈએ.

ગાયત્રી-જપનો મહિમા

સંસારમાં પાપોના નાશ માટે અને આત્મોદ્ધાર માટે ગાયત્રી-જપ અને ગાયત્રી પુરશ્ચરણ જેવો બીજો કોઈ જપ અને પુરશ્ચરણ નથી. ગાયત્રીનો જપ, તીર્થ, વ્રત, તપ અને દાન કરતાં પણ શ્રેષ્ઠ છે. તેથી અધિકારપ્રાપ્ત બ્રાહ્મણે વિશુદ્ધ અને એકાન્ત સ્થાનમાં નિવાસ કરતા રહીને શ્રદ્ધા-ભક્તિપૂર્વક નિષ્કામભાવથી વધારેમાં વધારે ગાયત્રીનો જપ કરવો જોઈએ. ગાયત્રીનો જો માનસિક જપ કરાય તો તે વિશેષ લાભપ્રદ થાય છે. શ્રીમનુ મહારાજ કહે છે –

વિધિયજ્ઞાજ્જપયજ્ઞો વિશિષ્ટો દશભિર્ગુણૈઃ ।
ઉપાંશુઃ સ્યાચ્છતગુણઃ સાહસ્રો માનસઃ સ્મૃતઃ ॥

(મનુસ્મૃતિ - ૨/૮૫)

'દર્શ-પૌર્ણમાસાદિ વિધિયજ્ઞો કરતાં સાધારણ (જોર-જોરથી કરવામાં આવતો) જપયજ્ઞ દસ ગણો શ્રેષ્ઠ છે; ઉપાંશુ (બીજાને ન સંભળાય એવા સ્વરે કરવામાં આવતો) જપ સો ગણો શ્રેષ્ઠ છે અને માનસિક જપ હજાર ગણો શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે.'

વળી, જે જપ કેવળ ભગવત્પ્રાપ્તિના ઉદ્દેશથી શ્રદ્ધા-પ્રેમ સાથે અને નિષ્કામભાવપૂર્વક કરવામાં આવે છે તેનું ફળ તો અનંત ગણું શ્રેષ્ઠ છે; તેની તો કોઈ સીમા જ નથી. તેથી આપણે ગાયત્રીનો જપ શ્રદ્ધા-પ્રેમ સાથે અને નિષ્કામભાવપૂર્વક માનસિક જ કરવાની કોશિશ કરવી જોઈએ.

ગાયત્રી-જપનો ઘણો મોટો મહિમા છે. ગાયત્રીમંત્રમાં પરમાત્માની

સ્તુતિ, ધ્યાન અને પ્રાર્થના છે. આ રીતે એક જ મંત્રમાં ઉક્ત ત્રણે વાતોનો સમાવેશ ઘણો જ ઓછો મળે છે. આ મંત્રના છંદનું નામ 'ગાયત્રી' છે, તેથી તેને ગાયત્રી-મંત્ર કહે છે. ગાયત્રીદેવીને જ પરમાત્મા સમજનારા તેમના ઉપાસકો આ મંત્રમાં ગાયત્રીદેવીની જ સ્તુતિ, ધ્યાન અને પ્રાર્થના માને છે. તેનાં અધિષ્ઠાતા-દેવતા પણ તેઓ ગાયત્રીને જ માને છે. તેમનું આમ માનવું એ યોગ્ય પણ છે; કારણ કે સૃષ્ટિકર્તા પરમાત્માની શિવના ઉપાસકો શિવરૂપે, વિષ્ણુના ઉપાસકો વિષ્ણુરૂપે, સૂર્યના ઉપાસકો સૂર્યરૂપે અને દેવીના ઉપાસકો દેવીરૂપે ઉપાસના કરીને પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે. કારણ સ્પષ્ટ છે. નામ-રૂપ જુદાં જુદાં હોવા છતાં પણ બધાંનું લક્ષ્ય એકમાત્ર પરમાત્મા જ છે અને લક્ષ્ય જ મુખ્ય વસ્તુ છે; તેથી તે-તે ઉપાસકોને પરમાત્મસ્વંરૂપ મોક્ષની પ્રાપ્તિ થવી એ યુક્તિસંગત જ છે. બધાં જ નામ અને રૂપ પરમાત્માનાં જ તો છે.

ગાયત્રીને આપણાં શાસ્ત્રોમાં 'વેદમાતા' કહેવામાં આવેલ છે. ગાયત્રીનો મહિમા ચારેય વેદ ગાય છે. શ્રીનારાયણોપનિષદમાં કહેવામાં આવ્યું છે –

'ગાયત્રી ચ્છન્દસાં માતા।' (મંત્ર ૩૪)*

અર્થાત્, 'ગાયત્રી સમસ્ત વેદોની માતા છે.'

ગાયત્રીનું માહાત્મ્ય બતાવતાં શંખસ્મૃતિ કહે છે –

અભીષ્ટં લોકમાપ્નોતિ પ્રાપ્નુયાત્ કામમીપ્સિતમ્ ।
ગાયત્રી વેદજનની ગાયત્રી પાપનાશિની ॥
ગાયત્ર્યાઃ પરમં નાસ્તિ દિવિ ચેહ ચ પાવનમ્ ।
હસ્તત્રાણપ્રદા દેવી પતતાં નરકાર્ણવે ॥

(શંખસ્મૃતિ - ૧૨/૨૪-૨૫)

---

* આ સંખ્યા નિર્ણયસાગરપ્રેસ, મુંબઈ દ્વારા પ્રકાશિત **'ઈશાદ્યષ્ટોત્તરશતોપનિષદ:'**માં સંકલિત નારાયણોપનિષદ અનુસાર છે.

'ગાયત્રીની ઉપાસના કરનારો દ્વિજ (બ્રાહ્મણ) પોતાના અભીષ્ટ લોકોને પામી જાય છે. (એટલું જ નહીં, આ જીવનમાં) તે મનોવાંછિત ભોગ પણ પ્રાપ્ત કરી લે છે. ગાયત્રી સમસ્ત વેદોની જનની છે તથા સમસ્ત પાપોનો નાશ કરનારી છે. સ્વર્ગલોકમાં તથા પૃથ્વી પર ગાયત્રી કરતાં અધિક પવિત્ર કરનારી બીજી કોઈ વસ્તુ નથી. ગાયત્રીદેવી નરકસમુદ્રમાં પડનારાઓને હાથનો સહારો આપીને બચાવી લેનારી છે.'

સંવર્તસ્મૃતિમાં પણ (કહેવામાં) આવ્યું છે –

ગાયત્ર્યાસ્તુ પરં નાસ્તિ શોધનં પાપકર્મણામ્ ।
મહાવ્યાહૃતિસંયુક્તાં પ્રણવેન ચ સઞ્જપેત્ ॥

(સંવર્તસ્મૃતિ - ૨૧૮)

'ગાયત્રી કરતાં અધિક, પાપકર્મોમાંથી શુદ્ધ કરનારું બીજું કોઈ નથી. તેથી પ્રણવ (ૐકાર) સહિત, ત્રણ વ્યાહૃતિઓથી યુક્ત ગાયત્રી-મંત્રનો જપ કરવો જોઈએ.'

શ્રીમનુજી કહે છે –

એતદક્ષરમેતાં ચ જપન્ વ્યાહૃતિપૂર્વિકામ્ ।
સંધ્યયોર્વેદવિદ્ વિપ્રો વેદપુણ્યેન યુજ્યતે ॥

(મનુસ્મૃતિ - ૨/૭૮)

'આ ઓંકાર અને વ્યાહૃતિ સહિત ગાયત્રીનો બંને સમયે જપ કરનારો વેદજ્ઞ બ્રાહ્મણ વેદપાઠનું પુણ્યફળ પામી લે છે.'

યોઽધીતેઽહન્યહન્યેતાંસ્ત્રીણિ વર્ષાણ્યતન્દ્રિતઃ ।
સ બ્રહ્મ પરમભ્યેતિ વાયુભૂતઃ ખમૂર્તિમાન્ ॥

(૨/૮૨)

'જે મનુષ્ય ત્રણ વર્ષ સુધી પ્રતિદિન આળસ છોડીને ગાયત્રીનો જપ કરે છે તે મૃત્યુ પછી વાયુરૂપ થાય છે અને તે પછી આકાશની જેમ વ્યાપક થઈને પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.'

શ્રીગાયત્રીના મહિમા વિશે મહાભારતના શાંતિપર્વના ૧૯૯મા અને ૨૦૦મા અધ્યાયોમાં એક ઘણું સુંદર ઉપાખ્યાન મળે છે. કૌશિક ગોત્રમાં ઉત્પન્ન પિપ્પલાદનો પુત્ર એક મોટો તપસ્વી ધર્મનિષ્ઠ બ્રાહ્મણ હતો. તે ગાયત્રીનો જપ કર્યા કરતો હતો. લગાતાર એક હજાર વર્ષ સુધી ગાયત્રીનો જપ કરી ચૂક્યા પછી તેને સાક્ષાત્ સાવિત્રીદેવીએ દર્શન આપીને કહ્યું – 'હું તારા પર પ્રસન્ન છું.' પરંતુ તે સમયે પિપ્પલાદનો પુત્ર જપ કરી રહ્યો હતો, તે ચૂપચાપ જપ કરતો રહ્યો અને સાવિત્રીદેવીને તેણે કાંઈ પણ ઉત્તર આપ્યો નહીં. વેદમાતા સાવિત્રીદેવી તેની આ જપનિષ્ઠા પર અગાઉ કરતાંય અધિક પ્રસન્ન થયાં અને તેના જપની પ્રશંસા કરતાં ત્યાં જ ઊભાં રહ્યાં. જપની સંખ્યા પૂરી થવાથી તે ધર્માત્મા બ્રાહ્મણ ઊભો થયો અને દેવીનાં ચરણોમાં પડીને એમને તેણે આ પ્રાર્થના કરી – 'જો તમે મારા પર પ્રસન્ન છો તો કૃપા કરીને મને એવું વરદાન આપો કે મારું મન નિરંતર જપમાં લાગેલું રહે અને જપ કરવાની મારી ઇચ્છા ઉત્તરોત્તર વધતી રહે.' ભગવતી તે બ્રાહ્મણનો નિષ્કામભાવ જોઈને ઘણાં પ્રસન્ન થયાં અને 'તથાસ્તુ' કહીને અંતર્ધાન થઈ ગયાં.

બ્રાહ્મણે ફરી જપ શરૂ કરી દીધા. દેવતાઓનાં સો વર્ષ વધુ વ્યતીત થઈ ગયાં. પુરશ્ચરણ સમાપ્ત થઈ જવાથી સાક્ષાત્ ધર્મે પ્રસન્ન થઈને તે બ્રાહ્મણને દર્શન આપ્યાં અને સ્વર્ગ વગેરે લોક માગવા કહ્યું. પરંતુ બ્રાહ્મણે ધર્મને પણ તેવો જ જવાબ આપ્યો. તે બોલ્યો – 'મને સનાતન લોકોની પ્રાપ્તિથી શું પ્રયોજન છે? હું તો ગાયત્રીનો જપ કરીને શાંતિ પ્રાપ્ત કરીશ.' એટલામાં જ કાળ (આયુષ્યનું પરિમાણ કરનારા દેવતા), મૃત્યુ (પ્રાણોનો વિયોગ કરનારા દેવતા) અને યમ (પુણ્ય-પાપનું ફળ આપનારા દેવતા) પણ તેની તપસ્યાના પ્રભાવથી ખેંચાઈને ત્યાં ચાલી આવ્યા. યમ અને કાળે પણ તેની તપસ્યાની ઘણી પ્રશંસા કરી. તે જ વખતે તીર્થયાત્રાના નિમિત્તથી નીકળેલા રાજા ઇક્ષ્વાકુ ત્યાં આવી પહોંચ્યા. રાજાએ તપસ્વી બ્રાહ્મણને

ઘણુંબધું ધન આપવા ઇચ્છ્યું; પરંતુ બ્રાહ્મણે કહ્યું – 'મેં તો પ્રવૃત્તિધર્મ ત્યજીને નિવૃત્તિધર્મનો અંગીકાર કર્યો છે, તેથી મને ધનની કોઈ આવશ્યકતા નથી. તમે જો કંઈ ઇચ્છતા હો તો મારી પાસેથી માગી શકો છો. હું પોતાની તપસ્યા વડે તમારું કયું કાર્ય સિદ્ધ કરું?' રાજાએ તે તપસ્વી મુનિ પાસેથી તેના જપનું ફળ માગી લીધું. તપસ્વી બ્રાહ્મણ પોતાના જપનું સંપૂર્ણ ફળ રાજાને આપવા તૈયાર થઈ ગયો, પરંતુ રાજા તેને સ્વીકારવામાં ખચકાવા લાગ્યા. ઘણા સમય સુધી બંને વચ્ચે વાદ-વિવાદ ચાલતો રહ્યો. બ્રાહ્મણ સત્યની આણ આપીને રાજાએ માગેલી વસ્તુ સ્વીકારવા માટે આગ્રહ કરતો હતો અને રાજા ક્ષત્રિયત્વની આણ આપીને તે વસ્તુ લેવામાં ધર્મની હાનિ જણાવતા હતા. અંતે બંને વચ્ચે એવી સમજૂતી થઈ કે બ્રાહ્મણના જપના ફળને રાજા ગ્રહણ કરી લે અને બદલામાં રાજાના પુણ્યફળનો બ્રાહ્મણ સ્વીકાર કરી લે. તેમનો આ નિશ્ચય જાણીને વિષ્ણુ વગેરે દેવતાઓ ત્યાં ઉપસ્થિત થયા અને બંનેના કાર્યની પ્રશંસા કરવા લાગ્યા. આકાશમાંથી પુષ્પોની વર્ષા થવા લાગી. અંતે બ્રાહ્મણ અને રાજા, બંને યોગ દ્વારા સમાધિમાં સ્થિત થઈ ગયા. તે સમયે બ્રાહ્મણ અને રાજા, બંનેના બ્રહ્મરન્ધ્રમાંથી એક ઘણો મોટો તેજપુંજ નીકળ્યો તથા બધાંના દેખતાં-દેખતાં તે સ્વર્ગ ભણી ચાલ્યો ગયો અને ત્યાંથી બ્રહ્મલોકમાં પ્રવેશ કરી ગયો. બ્રહ્માએ તે તેજનું સ્વાગત કર્યું અને કહ્યું – 'અહા! જે ફળ યોગીઓને મળે છે તે જ જપ કરનારાઓને પણ મળે છે.' ત્યારપછી બ્રહ્માએ તે તેજને નિત્ય આત્મા અને બ્રહ્મની એકતાનો ઉપદેશ આપ્યો ત્યારે તે તેજ બ્રહ્મામાં પ્રવિષ્ટ થઈ ગયું.

આ રીતે શાસ્ત્રોમાં ગાયત્રીજપનું મહાન ફળ બતાવવામાં આવ્યું છે. તેથી આપણે પણ ગાયત્રીની આ મહત્તાને સમજીને આ અલ્પ-આયાસથી સાધ્ય ગાયત્રીજપ દ્વારા વહેલામાં વહેલી તકે લાભ ઉઠાવવો જોઈએ.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભક્તિયોગ

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સમસ્ત શાસ્ત્રોનો અને વિશેષ કરીને ઉપનિષદોનો સાર છે. સ્વયં શ્રીવેદવ્યાસજીએ મહાભારતના ભીષ્મપર્વમાં કહ્યું છે –

ગીતા સુગીતા કર્તવ્યા કિમન્યૈઃ શાસ્ત્રસઙ્ગ્રહૈઃ ।
યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્માદ્‌ વિનિસ્સૃતા ॥
સર્વશાસ્ત્રમયી ગીતા સર્વદેવમયો હરિઃ ।
સર્વતીર્થમયી ગઙ્ગા સર્વવેદમયો મનુઃ ॥

(ગીતા - ૪૩/૧-૨)

'કેવળ ગીતાનું જ સમ્યક્‌પણે ગાન (શ્રવણ, કીર્તન, પઠન-પાઠન, મનન અને ધારણ) કરવું જોઈએ; બીજાં શાસ્ત્રોના સંગ્રહની શી આવશ્યકતા છે? – કારણ કે તે સ્વયં પદ્મનાભ ભગવાનના સાક્ષાત્‌ મુખ-કમળમાંથી નીકળેલી છે. ગીતા સર્વશાસ્ત્રમયી છે, શ્રીહરિ સર્વદેવમય છે, શ્રીગંગા સર્વતીર્થમયી છે અને મનુસ્મૃતિ સર્વવેદમયી છે.'

એટલું જ નહીં, સ્વયં ભગવાને પણ એમ કહ્યું છે કે બધાં શાસ્ત્રોમાં જે વાત કહેવામાં આવી છે તે વાત અહીં તું મારી પાસેથી સાંભળ –

ઋષિભિર્બહુધા ગીતં છન્દોભિર્વિવિધૈઃ પૃથક્‌ ।
બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિર્વિનિશ્ચિતૈઃ ॥

(ગીતા - ૧૩/૪)

'આ તત્ત્વ ઋષિઓ વડે ઘણા પ્રકારે વર્ણવવામાં આવ્યું છે અને વિવિધ વેદમંત્રો વડે પણ વિભાગપૂર્વક નિરૂપિત થયેલું છે તથા સમ્યક્‌પણે

નિશ્ચિત કરવામાં આવેલા યુક્તિયુક્ત બ્રહ્મસૂત્રનાં પદો વડે પણ કહેવામાં આવેલું છે.'

તેથી આપણે ગીતાનું સમ્યક્‌પણે અધ્યયન અને મનન કરવું જોઈએ; કારણ કે મનન કરવાથી તેમાં રહેલા ગોપનીય તત્ત્વની જાણ થાય છે. હવે, અહીં ગીતામાં વર્ણવેલી ભક્તિ વિષે થોડોક વિચાર કરવામાં આવે છે –

ગીતા ભક્તિથી ઓતપ્રોત છે. ગીતામાં ક્યાંક તો ભેદ-ઉપાસનાનું વર્ણન છે અને ક્યાંક અભેદ-ઉપાસનાનું. કેટલાય સજ્જનો કહે છે કે પહેલા છ અધ્યાયોમાં કર્મયોગનું, વચ્ચેના છ અધ્યાયોમાં ભક્તિયોગનું અને છેલ્લા છ અધ્યાયોમાં કર્મયોગનું પ્રાધાન્ય છે. પહેલા છ અધ્યાયોમાં કર્મયોગનું અને છેલ્લા છ અધ્યાયોમાં જ્ઞાનયોગનું પ્રાધાન્ય હોવાનું તો માની શકાય છે; પરંતુ સાતમા અધ્યાયથી બારમા અધ્યાય સુધી તો ભક્તિ જ ભક્તિ ભરેલી છે; તેથી આ બધા જ અધ્યાયોને ભક્તિયોગ જ કહેવામાં આવે તો કોઈ અતિશયોક્તિ નથી; કારણ કે એ અધ્યાયોમાં અધિકાંશ ભાગમાં તો સગુણ-સાકાર અને સગુણ-નિરાકારનું જ વર્ણન છે, કોઈ-કોઈ સ્થળે નિર્ગુણ-નિરાકારની ઉપાસનાનો પણ ઉલ્લેખ છે. આ છયે અધ્યાયોમાં કુલ ૨૦૯ શ્લોક છે. એ શ્લોકોમાં જે એક ગોપનીય રહસ્યની વાત છે તેનું અહીં દિગ્દર્શન કરાવવામાં આવે છે.

આ બધા જ શ્લોકો પર સમ્યક્‌પણે ધ્યાન આપીને જોવાથી ખબર પડે છે કે પ્રાયઃ દરેક શ્લોકમાં કોઈ ને કોઈ રૂપમાં ભગવદ્‌વાચક પદ આવેલું છે. જ્યાં ભગવાન શ્રીકૃષ્ણનાં વચનો છે ત્યાં તો 'અહમ્', 'મામ્', 'મયા', 'મત્તઃ', 'મમ', 'મે' 'મયિ', 'અસ્મિ' – વગેરે પદોનો પ્રયોગ છે; તેમ જ અર્જુનનાં વચનોમાં 'ત્વમ્', 'ત્વામ્', 'ત્વયા', 'ત્વત્તઃ', 'તવ', 'તે', 'ભવાન્', 'અસિ' વગેરે તથા 'જનાર્દન', 'પુરુષોત્તમ', 'દેવ', 'દેવેશ', 'જગન્નિવાસ' વગેરે પદોનો પ્રયોગ છે. આ પ્રમાણે સંજયનાં વચનોમાં

પણ સ્પષ્ટપણે જ 'હરિ', 'દેવ', 'દેવદેવ', 'કેશવ', 'કૃષ્ણ', 'વાસુદેવ' વગેરે ભગવદ્‌વાચક શબ્દો આવેલા છે. અધિકાંશ શબ્દો તો સગુણ-સાકાર અને સગુણ-નિરાકારના જ વાચક છે, પણ કેટલાયે શબ્દો નિર્ગુણ-નિરાકારના વાચક પણ છે – જેમ કે 'ૐ', 'અક્ષર', 'અવ્યક્ત', 'બ્રહ્મ' વગેરે.

આ ૨૦૯ શ્લોકો પૈકીના અધિકાંશ શ્લોકોમાં ભગવાનના દ્યોતક શબ્દો જ છે, કેવળ એમનો દસમો અંશ અર્થાત્ ૨૧ શ્લોકો જ એવા છે કે જેમનામાં ભગવદ્‌વાચક શબ્દો નથી. પરંતુ તે શ્લોકો પણ ભાવ અને પ્રકરણ અનુસાર ભક્તિથી પૃથક્ નથી. આમાંથી આઠમા અધ્યાયમાં એવા ૯ શ્લોકો છે, બાકીના પાંચ અધ્યાયોમાં પ્રત્યેકમાં બે કે ત્રણ શ્લોકોથી વધારે આવા નથી. પાંચે અધ્યાયોમાં કુલ મળીને ૧૨ શ્લોકો જ એવા આવેલા છે કે, જેમાં પ્રકટ રૂપમાં ભગવદ્‌વાચક શબ્દો નથી – જેમ કે સાતમા અધ્યાયના ૨૦મો અને ૨૭મો; નવમા અધ્યાયના ૨જો, ૧૨મો અને ૨૧મો; દસમા અધ્યાયના ૪થો અને ૨૬મો; અગિયારમા અધ્યાયના ૬ઠ્ઠો અને ૧૦મો તેમ જ બારમા અધ્યાયના ૧૨મો, ૧૩મો અને ૧૮મો - આટલા શ્લોક.

જેમાં કર્મયોગનું પ્રાધાન્ય માનવામાં આવ્યું છે તે અધ્યાયો (૧થી ૬ સુધી)માં પણ કોઈ પણ અધ્યાય ભક્તિના વર્ણનથી ખાલી નથી. પહેલા અધ્યાયમાં સંજય અને અર્જુનનાં વચનોમાં 'માધવ', 'હૃષીકેશ', 'અચ્યુત', 'કૃષ્ણ', 'કેશવ', 'મધુસૂદન', 'જનાર્દન', 'વાર્ષ્ણેય' વગેરે ભક્તિભાવથી ઓતપ્રોત ભગવદ્‌વાચક શબ્દો આવે છે. બીજા અધ્યાયના ૬૧મા શ્લોકમાં તો ભગવત્-શરણાગતિનો ભાવ સ્પષ્ટ જ છે –

તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ।
વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥

'સાધક માટે એ જરૂરી છે કે પોતે તે સમસ્ત ઇન્દ્રિયોને વશમાં

કરીને સમાહિતચિત્ત થયેલો મારે પરાયણ (શરણ) થઈને ધ્યાનમાં બેસે; કેમ કે જે મનુષ્યની ઇન્દ્રિયો વશમાં હોય છે તેની જ બુદ્ધિ સ્થિર હોય છે.'

આ જ પ્રમાણે ત્રીજા અધ્યાયના ૩૦મા શ્લોકમાં પરમાત્મામાં લાગેલા ચિત્ત વડે બધાં કર્મ ભગવાનને સમર્પણ કરવાનો ભાવ છે –

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥

'મુજ અંતર્યામી પરમાત્મામાં પરોવાયેલા ચિત્ત દ્વારા સમસ્ત કર્મોને મારામાં સમર્પીને ઇચ્છા વિનાનો, મમતારહિત અને સંતાપરહિત થઈને (હે અર્જુન!) તું યુદ્ધ કર.'

ચોથા અધ્યાયમાં તો સ્વયં ભગવાન કહે છે કે 'હું સાક્ષાત્ પૂર્ણબ્રહ્મ પરમાત્મા છું અને શ્રેષ્ઠ પુરુષોના ઉદ્ધાર માટે દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સંસ્થાપના માટે અવારનવાર અવતાર લઉં છું' –

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥

(ગીતા - ૪/૬)

'હું અજન્મા અને અવિનાશી-સ્વરૂપ હોવા છતાં પણ, તેમ જ સમસ્ત પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ પોતાની પ્રકૃતિને આધીન કરીને પોતાની યોગમાયાથી પ્રકટ થાઉં છું.'

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥

(ગીતા - ૪/૮)

'શ્રેષ્ઠ પુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક્‌પણે સ્થાપના કરવા માટે હું યુગે-યુગે

પ્રગટ થતો રહું છું.'

ત્યારબાદ ભગવાને પોતાના જન્મ અને કર્મની દિવ્યતાને જાણવાનું મહત્ત્વ બતાવ્યું છે. જન્મની દિવ્યતા એ કે ભગવાનનો જન્મ અલૌકિક છે, મનુષ્યના જેવો પુણ્ય-પાપના ફળસ્વરૂપ જન્મ નથી તથા ન તો તેઓ પ્રકૃતિને વશ પણ છે. તેઓ ફક્ત ઉત્પન્ન અને વિનષ્ટ થતા હોય એમ દેખાય છે, મનુષ્યોની જેમ જન્મતા-મરતા નથી; તેથી વાસ્તવમાં તેમનાં જન્મ-મરણ થતાં નથી, કેવળ પ્રાદુર્ભાવ અને તિરોભાવ થાય છે. તેમનો વિગ્રહ રોગશૂન્ય, દોષરહિત અને ચિન્મય હોય છે. તેઓ પોતાના પર માયાનો પડદો નાખે છે, તેથી તેઓને કોઈ ઓળખી શકતું નથી (ગીતા ૭/૨૫). જે ભક્ત ભગવાનના શરણે થઈને તેમને શ્રદ્ધા-પ્રેમથી ભજે છે તે જ તેમને યથાર્થરૂપે જાણે છે. તેઓ પોતાની ઇચ્છાથી પ્રકૃતિને વશ કરીને, સ્વયં અજન્મા અને અવિનાશી રહીને જ શ્રેષ્ઠ પુરુષોના કલ્યાણ માટે અને ધર્મના પ્રચાર માટે પોતાની યોગમાયાથી પ્રગટ થાય છે (ગીતા ૪/૬, ૮). આ તેમના જન્મની દિવ્યતા છે. તથા કર્મની દિવ્યતા એ છે કે તેમની તમામ ક્રિયાઓ અભિમાન, આસક્તિ અને કામનાથી રહિત તેમ જ કેવળ સંસારના કલ્યાણ માટે જ થાય છે (ગીતા ૪/૧૩-૧૪). તેથી તેમનાં કર્મ દિવ્ય છે. આ પ્રમાણે સમજીને આ સમજને કાર્યાન્વિત કરવી એ જ ભગવાનના જન્મ અને કર્મની દિવ્યતાનું તત્ત્વ-રહસ્ય જાણવું કહેવાય.

આ ચોથા અધ્યાયમાં ભગવાને પોતાની ભક્તિના મહિમા વિશે ત્યાં સુધી કહી દીધું છે કે –

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।

(ગીતા - ૪/૧૧નો પૂર્વાર્ધ)

'જે ભક્તો મને જે રીતે ભજે છે, હું પણ તેમને તે રીતે ભજું છું.'

પાંચમા અધ્યાયના અંતિમ શ્લોકમાં તો ભગવાને પોતાના સ્વરૂપ,

પ્રભાવ અને ગુણોના તત્ત્વને જાણવાનું ફળ પરમશાંતિની પ્રાપ્તિ બતાવ્યું જ છે –

ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્ ।
સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥

(ગીતા - ૫/૨૯)

'મારો ભક્ત મને સર્વ યજ્ઞો અને તપોનો ભોગવનાર, સમસ્ત લોકોના ઈશ્વરોનો પણ ઈશ્વર તેમ જ સઘળાં ભૂત-પ્રાણીઓનો સુહૃદ એટલે કે સ્વાર્થરહિત દયાળુ અને પ્રેમ કરનાર (તરીકે) તત્ત્વથી જાણીને શાંતિ પ્રાપ્ત કરે છે.'

અહીં પ્રશ્ન એ થાય છે કે આ રીતે જે મનુષ્ય ભગવાનને યજ્ઞ-તપોના ભોક્તા, સમસ્ત લોકોના મહેશ્વર તથા સમસ્ત પ્રાણીઓના સુહૃદ – આ ત્રણે લક્ષણોથી યુક્ત જાણે છે તે જ શાંતિને પ્રાપ્ત કરે છે, કે પછી આમાંથી કોઈ એક લક્ષણથી યુક્ત જાણનારાને પણ શાંતિ મળી જાય છે? આનો ઉત્તર એ છે કે ભગવાનનાં ઉપર્યુક્ત લક્ષણોમાંથી કોઈ એક લક્ષણથી યુક્ત જાણનારાને પણ શાંતિ મળી જાય છે; પછી ત્રણે લક્ષણોથી યુક્ત જાણનારાને શાંતિ મળી જાય, એમાં તો કહેવાનું જ શું છે?

અહીં ભગવાનને યજ્ઞો અને તપોના ભોક્તા કહેવાનો અભિપ્રાય એ છે કે યજ્ઞ, દાન, તપ વગેરે જેટલાં પણ શાસ્ત્રવિહિત કર્મ છે તે બધાં પરમાત્મામાં જ સમાવિષ્ટ થાય છે. જેમ આકાશમાંથી વરસેલું પાણી સમુદ્રમાં પ્રવેશ કરી જાય છે તેવી જ રીતે સઘળાં કર્મ પરમાત્મામાં જ સમાવિષ્ટ થઈ જાય છે. આ પ્રમાણે જાણીને, નવમા અધ્યાયના ૨૭મા અને ૨૮મા શ્લોકોમાં વર્ણવેલી ભગવત્-અર્પણ બુદ્ધિથી કર્મ કરનારો મનુષ્ય પરમશાન્તિ-સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરે છે. ભાવ એવો છે કે પશુ, પક્ષી, કીટ, પતંગિયાં, મનુષ્ય, દેવતા વગેરે બધાં જ પ્રાણીઓમાં

ભગવાન વિરાજમાન છે; તેથી તેમની સેવા-પૂજા જ ભગવાનની સેવા-પૂજા છે (ગીતા - ૧૮/૪૬) – એમ સમજીને સૌની ભગવદ્‌ભાવથી સેવા કરવી જોઈએ. જે મનુષ્ય આ પ્રમાણે સૌની સેવા કરે છે તે સેવા કરતી વખતે અર્થાત્ અતિથિને ભોજન, ગાયને ઘાસ, કાગડા વગેરેને અન્ન તેમ જ વૃક્ષોને જળનું પ્રદાન કરતી વખતે એવું જ સમજે છે કે ભગવાન જ અતિથિરૂપે ભોજન કરી રહ્યા છે, તેઓ જ કાગડા વગેરે રૂપે અન્ન ગ્રહણ કરી રહ્યા છે અને તેઓ જ વૃક્ષરૂપે જળ પી રહ્યા છે. આ પ્રકારના ભાવથી ભાવિત થઈને સૌની નિષ્કામ સેવા કરવી એ જ ભગવાનને તત્ત્વથી યજ્ઞ-તપોના ભોક્તા જાણવા કહેવાય અને આમ જાણનારો મનુષ્ય પરમશાન્તિ પ્રાપ્ત કરે છે.

ભગવાનને સર્વલોકેશ્વર જાણવાનો અભિપ્રાય એ છે કે ભગવાન સમસ્ત લોકોના ઈશ્વરોના પણ મહાન ઈશ્વર છે. તેઓ જ સમસ્ત સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરતા રહીને સૌને નિયંત્રણમાં રાખે છે; તેથી તેમને પરમાત્મા, પુરુષોત્તમ વગેરે નામે વર્ણવ્યા છે - (ગીતા - ૧૫/૧૭-૧૮). જે મનુષ્ય તે પરમાત્માને ક્ષર-અક્ષર કરતાં તથા સમસ્ત પ્રાણીઓ અને પદાર્થો કરતાં શ્રેષ્ઠ, સર્વશક્તિમાન, સર્વનિયંતા, સર્વાધ્યક્ષ અને સર્વેશ્વર માની છે તે પછી તે પરમાત્માને છોડીને અન્ય કોઈને પણ કેવી રીતે ભજી શકે? પત્ની, પુત્ર, ધનસંપત્તિ વગેરે સાંસારિક પદાર્થોને તે નથી તો પ્રેમ કરતો અને નથી તો તેમનું ચિંતન પણ કરતો. તે તો તમામ પ્રકારે શ્રદ્ધા, ભક્તિ સાથે અને નિષ્કામભાવપૂર્વક નિત્ય-નિરંતર ભગવાનનું જ ભજન-ધ્યાન કરે છે (ગીતા - ૧૫/૧૯). તેથી ઉપર્યુક્ત પ્રકારે માનવું એ જ ભગવાનને તત્ત્વથી સર્વલોકમહેશ્વર જાણવા કહેવાય અને આ પ્રકારે જાણનારો મનુષ્ય પરમશાન્તિ પામે છે.

ભગવાનને બધાં ભૂતોના સુહૃદ જાણવાનો ભાવ એ છે કે ભગવાનની પ્રત્યેક ક્રિયામાં જગતનું હિત અને પ્રેમ ભરેલાં રહે છે. તેમનું કોઈ

પણ વિધાન દયા અને પ્રેમથી શૂન્ય હોતું નથી. તેથી ભગવાન સૌ ભૂતોના સુહૃદ છે. જે મનુષ્ય આ રહસ્યને જાણી લે છે તે પછી પ્રત્યેક અવસ્થામાં જે કંઈ પણ થાય છે તેને પરમ દયાળુ, પરમ પ્રેમી પરમેશ્વરનું દયા અને પ્રેમથી ઓતપ્રોત મંગલમય વિધાન સમજીને સદૈવ પ્રસન્ન રહે છે તથા ભગવાનનો અનુયાયી અને પરમ પ્રેમી બની જાય છે. તેનામાં પણ સુહૃદતાનો ભાવ આવી જાય છે અર્થાત્ તે પણ બધાં પર નિર્હેતુક દયા કરનારો અને સૌનો પ્રેમી બની જાય છે. તેનામાં દ્વેષભાવનો નાશ થાય છે અને ક્ષમા, સમતા વગેરે ગુણો સ્વાભાવિક જ આવી જાય છે તથા તેનાં મન-બુદ્ધિનો ભગવાનમાં સ્વાભાવિક જ સમાવેશ થઈ જાય છે. આ પ્રમાણે તેનામાં ગીતાના બારમા અધ્યાયના ૧૩માથી ૧૯મા સુધીના શ્લોકોમાં વર્ણવાયેલાં ભક્તનાં બધાં જ લક્ષણો આવી જાય છે. તેથી તે પરમશાંતિ મેળવી લે છે.

છઠ્ઠા અધ્યાયમાં ૧૧માથી ૧૩મા સુધીના શ્લોકોમાં આસનની વિધિ બતાવીને, ૧૪મા શ્લોકમાં ભગવાને પોતાના સગુણ સ્વરૂપનું ધ્યાન* કરતા રહીને શરણે થવા માટે કહ્યું છે. તેઓ કહે છે –

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥

'બ્રહ્મચારીના વ્રતમાં સ્થિત, નિર્ભય તથા સમ્યક્‌પણે શાન્ત અંતઃકરણવાળા સાવધાન યોગીએ મનને સંયત કરીને, ચિત્ત મારામાં જોડીને મારે પરાયણ થઈને ધ્યાનમાં બેસવું.'

તથા આ જ અધ્યાયના ૩૦મા શ્લોકમાં સર્વત્ર ભગવાનને જોવાનું માહાત્મ્ય એ બતાવવામાં આવ્યું છે કે સર્વત્ર ભગવાનને જોનારો મારી

---

* સગુણ-સાકારના ધ્યાન વિશે વિસ્તારપૂર્વક જાણવું હોય તો ગીતાપ્રેસ દ્વારા પ્રકાશિત 'ગીતા-તત્ત્વ-વિવેચની'માં આ શ્લોક પરની ટીકા જોઈ શકાય છે.

દૃષ્ટિમાંથી અદૃશ્ય થતો નથી અને તેની દૃષ્ટિમાંથી હું અદૃશ્ય થતો નથી.

આ જ પ્રમાણે આ અધ્યાયના ૩૧મો અને ૪૭મો – એ શ્લોકોમાં પણ ભક્તિનો ભાવ સર્વથા ઓતપ્રોત છે. તેથી સમજવું જોઈએ કે કર્મયોગપ્રધાન કહેવામાં આવતા અધ્યાયોમાં પણ કોઈ પણ અધ્યાય ભક્તિથી શૂન્ય નથી.

આ જ રીતે (૧૩માથી ૧૮મા સુધીના) છ અધ્યાયોમાં જ્ઞાનયોગનું પ્રાધાન્ય બતાવવામાં આવ્યું છે; તે પૈકીનો પણ કોઈ પણ અધ્યાય ભક્તિયોગના વર્ણનથી રહિત નથી. ઉદાહરણ તરીકે, તેરમા અધ્યાયમાં જ્ઞાનનું સાધન બતાવતાં કહેવામાં આવ્યું છે –

મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી ।

(ગીતા - ૧૩/૧૦નો પૂર્વાર્ધ)

'મુજ પરમેશ્વરમાં અનન્યયોગ દ્વારા અવ્યભિચારિણી ભક્તિ (પણ જ્ઞાનનું સાધન છે).'

ચૌદમા અધ્યાયમાં ગુણાતીત થવાનો ઉપાય બતાવતી વખતે પણ સ્વયં ભગવાન કહે છે –

માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।
સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે ॥

(ગીતા - ૧૪/૨૬)

'જે મનુષ્ય અવ્યભિચારી ભક્તિયોગ વડે મને નિરંતર ભજે છે તે પણ આ ત્રણેય ગુણોને સમ્યક્પણે પાર કરીને સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામવાને યોગ્ય બની જાય છે.'

અહીં અનન્યભક્તિને ગુણોથી અતીત થવા માટેનો ઉપાય કહેવામાં આવી છે.

પંદરમા અધ્યાયમાં પરમપદની પ્રાપ્તિનો ઉપાય ઉત્કટ વૈરાગ્ય દ્વારા

સંસારરૂપી વૃક્ષને કાપીને ભગવાનના શરણે થવું એ બતાવવામાં આવ્યો છે. ભગવાન કહે છે –

ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन्गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥

(ગીતા - ૧૫/૪)

'(દૃઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે સંસારવૃક્ષનું છેદન કર્યા) પછી, તે પરમપદ-સ્વરૂપ પરમેશ્વરને સમ્યક્‌પણે શોધવા જોઈએ કે, જ્યાં ગયેલા (અર્થાત્‌ જેમને પામી ચૂકેલા) મનુષ્યો ફરી પાછા વળીને સંસારમાં આવતા નથી; અને જે પરમેશ્વરથી આ પુરાતન સંસારવૃક્ષની પ્રવૃત્તિ (પરંપરા) વિસ્તાર પામી છે તે જ આદિપુરુષ નારાયણને હું શરણે છું – આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરીને તે પરમેશ્વરનું મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ.'

તથા ૧૬મા શ્લોકોમાં ક્ષર અને અક્ષરનું વર્ણન કરીને જેમનું પરમાત્મા, ઈશ્વર, પુરુષોત્તમ વગેરે નામોથી નિરૂપણ કરવામાં આવ્યું છે તે પરમતત્ત્વને વાસ્તવિક રૂપમાં જાણવાની કસોટી 'સર્વ રીતે ભજવા' એ જ બતાવવામાં આવી છે –

यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् ॥
स सर्वविद् भजति मां सर्वभावेन भारत ॥

(ગીતા - ૧૫/૧૯)

'હે ભારત! જે જ્ઞાની મનુષ્ય મને આ પ્રમાણે તત્ત્વથી પુરુષોત્તમ-સ્વરૂપે જાણે છે તે સર્વજ્ઞ મનુષ્ય સર્વ રીતે નિરંતર મુજ, વાસુદેવ પરમેશ્વરને જ ભજે છે.'

સોળમા અધ્યાયના ૧લા શ્લોકમાં દૈવી સંપદાનાં લક્ષણો બતાવતાં કહેવામાં આવ્યું છે –

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।

'નિર્ભયતા, અંતઃકરણની શુદ્ધિ અને જ્ઞાનયોગમાં સ્થિતિ (– આ દૈવી સંપદાનાં મુખ્ય લક્ષણો છે).'

'જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ'નો અર્થ અહીં, 'તત્ત્વજ્ઞાન પામવા માટે પરમાત્માના ધ્યાનયોગમાં નિરંતર દૃઢ સ્થિતિ' એમ કરવામાં આવે છે, જે ભક્તિભાવનો જ દ્યોતક છે.

સત્તરમા અધ્યાયમાં ૨૩માથી ૨૬મા સુધીના શ્લોકોમાં પરમાત્માનાં ૐ, તત્, સત્ – એ ત્રણ નામો બતાવીને તેમનો કઈ રીતે પ્રયોગ કરવાથી કલ્યાણ થાય છે તેનું સ્પષ્ટપણે વર્ણન કરવામાં આવ્યું છે.

અઢારમા અધ્યાયની તો વાત જ શી કરવી? તેનો તો ભગવાને શરણાગતિમાં જ ઉપસંહાર કર્યો છે. ત્યાં કર્મયોગના પ્રકરણમાં પણ ભક્તિનું વર્ણન છે. ભગવાન કહે છે –

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥

(ગીતા - ૧૮/૪૬)

'જે પરમેશ્વરથી સઘળાં પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેમનાથી આ સમસ્ત જગત વ્યાપ્ત છે તે પરમેશ્વરની પોતાનાં સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને મનુષ્ય પરમ સિદ્ધિને પામી લે છે.'

તથા જ્ઞાનયોગના પ્રકરણમાં પણ ભક્તિ (ઉપાસના)ની આવશ્યકતા બતાવવામાં આવી છે.

ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥

(ગીતા - ૧૮/૫૨ ઉત્તરાર્ધ)

'દૃઢ વૈરાગ્યનો આશ્રય લઈને નિત્ય-નિરંતર પરમાત્માના ધ્યાનરૂપી યોગને પરાયણ રહેનારો મનુષ્ય (બ્રહ્મપ્રાપ્તિને યોગ્ય થાય છે).'

એકાંતવાસ અને ધ્યાનયોગપૂર્વક જ્ઞાન-નિષ્ઠા દ્વારા જે પરમપદની

પ્રાપ્તિ થાય છે તે જ પરમપદની પ્રાપ્તિ, ગોપીઓની જેમ* હરહંમેશ ભગવાનના શરણે રહીને પોતાનાં કર્તવ્ય-કર્મો કરતા રહીને પણ, મનુષ્યને થાય છે. ભગવાન કહે છે –

સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્‌વ્યપાશ્રયઃ ।
મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ॥

(ગીતા - ૧૮/૫૬)

'મારે પરાયણ થયેલો કર્મયોગી તો સમસ્ત કર્મોને સદા કરતો રહેતો હોવા છતાં પણ મારી કૃપાથી સનાતન (શાશ્વત) અવિનાશી પરમપદને પામી જાય છે.'

આ પ્રમાણે ભગવાને પોતાની શરણાગતિરૂપી ભક્તિનું માહાત્મ્ય બતાવીને અર્જુનને બધી જ રીતે પોતાનું શરણ ગ્રહણ કરવાનો આદેશ આપ્યો છે –

---

* ભક્તિશીલ ગોપીઓ કેવી રીતે ભક્તિ કરતી રહીને બધાં કાર્ય કરતી હતી તેનું વર્ણન શ્રીમદ્‌ભાગવતના દશમા સ્કંધના ૪૪મા અધ્યાયના ૧૫મા શ્લોકમાં આ પ્રમાણે મળે છે –

યા દોહનેઽવહનને મથનોપલેપ-
પ્રેઙ્ખેઙ્ખનાર્ભરુદિતોક્ષણમાર્જનાદૌ ॥
ગાયન્તિ ચૈનમનુરક્તધિયોઽશ્રુકણ્ઠ્યો
ધન્યા વ્રજસ્ત્રિય ઉરુક્રમચિત્તયાનાઃ ॥

'જેઓ ગાયો દોહતી વખતે, ધાન (ડાંગર) છડતી વખતે, દહીં વલોવતી વખતે, આંગણું લીંપતી વખતે, બાળકોને પારણામાં ઝુલાવતી વખતે, રોતાં બાળકોને હાલરડાં ગાઈ સંભળાવતી વખતે, ઘરોમાં પાણી છાંટતી વખતે અને છાવરણી ફેરવવી (કચરો કાઢવો) વગેરે કામકાજ કરતી વખતે પ્રેમપૂર્ણ ચિત્તથી, આંખોમાં આંસુ ભરીને, ગદ્‌ગદ વાણીથી શ્રીકૃષ્ણના નામનું અને ગુણોનું ગાન કર્યા કરે છે; આ રીતે હંમેશાં શ્રીકૃષ્ણના સ્વરૂપમાં જ ચિત્ત પરોવાયેલું રાખનારી તે વ્રજવાસી ગોપીઓ ધન્ય છે.'

ચેતસા સર્વકર્માણિ મયિ સંન્યસ્ય મત્પરઃ।
બુદ્ધિયોગમુપાશ્રિત્ય મચ્ચિત્તઃ સતતં ભવ ॥
મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્ તરિષ્યસિ।

(ગીતા - ૧૮/૫૭, ૫૮ પૂર્વાર્ધ)

'સઘળાં કર્મોને મનથી મને અર્પણ કરીને તેમ જ સમબુદ્ધિરૂપી યોગનું અવલંબન કરીને (હે અર્જુન!) તું મારે પરાયણ અને નિરંતર મારામાં ચિત્ત પરોવીને રહે. આ પ્રમાણે મારામાં ચિત્ત પરોવાયેલો રહીને તું મારી કૃપાથી સમસ્ત સંકટોને અનાયાસ જ પાર કરી જઈશ.'

અહીં ભગવાને પોતાના સગુણ-સાકાર સ્વરૂપની ભક્તિનાં લક્ષણોનું વર્ણન કરીને અર્જુનને પોતાના શરણે આવવાની આજ્ઞા આપીને તેનું મહત્ત્વ બતાવ્યું છે. જોકે સગુણ-નિરાકારના શરણનું ફળ પણ પરમશાન્તિ અને શાશ્વત પદની પ્રાપ્તિ છે; તેમ છતાં તેને ગુહ્યતર (વિશેષ ગોપનીય) કહેવામાં આવ્યું છે, ગુહ્યતમ (આત્યંતિક ગોપનીય) નહીં. ભગવાન કહે છે –

તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત।
તત્પ્રસાદાત્પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ॥
ઇતિ તે જ્ઞાનમાખ્યાતં ગુહ્યાદ્ગુહ્યતરં મયા।

(ગીતા - ૧૮/૬૨, ૬૩ પૂર્વાર્ધ)

'હે ભારત! તું સર્વ રીતે તે (સર્વવ્યાપી) પરમેશ્વરના જ શરણે જા. તે પરમાત્માની કૃપાથી તું પરમશાન્તિ પામીશ અને સનાતન પરમધામને પામીશ. આ પ્રમાણે આ ગોપનીયથી પણ અધિક ગોપનીય જ્ઞાન મેં તને કહી દીધું.'

ભગવાને ગુહ્યતમ તો પોતાની શરણાગતિરૂપી ભક્તિને જ બતાવી છે –

સર્વગુહ્યતમં ભૂયઃ શૃણુ મે પરમં વચઃ।
ઈષ્ટોઽસિ મે દૃઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્ ॥
મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે ॥
સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥

(ગીતા - ૧૮/૬૪-૬૬)

'સમસ્ત ગોપનીય (વચનો)થી પણ અતિ-ગોપનીય મારા પરમ રહસ્યયુક્ત વચનને તું ફરી પણ સાંભળ. તું મને અતિશય પ્રિય છે, તેથી આ પરમ હિતકારક વચન હું તને (ફરીથી) કહીશ. તું મારામાં મન પરોવનાર થા, મારો ભક્ત બની જા, મારું પૂજન કરનારો થા અને મને પ્રણામ કર. આમ કરવાથી તું મને જ પામીશ. આ હું તારી સાથે સત્ય પ્રતિજ્ઞા કરું છું; કારણ કે તું મને અત્યંત પ્રિય છે. સમસ્ત ધર્મોનો અર્થાત્ સઘળાં કર્તવ્ય-કર્મોનો મારામાં ત્યાગ કરીને એટલે કે મને અર્પણ કરીને તું કેવળ એક મારા – સર્વશક્તિમાન, સર્વાધાર પરમેશ્વરના જ શરણે આવી જા. હું તને સમસ્ત પાપોમાંથી મુક્ત કરી દઈશ, તું શોક ના કર.'

આને સર્વગુહ્યતમ કહેવાનો અભિપ્રાય એ છે કે ૬૨મો અને ૬૩મો – એ શ્લોકોમાં તો સર્વવ્યાપી નિરાકાર પરમાત્માની શરણાગતિને ગુહ્યતર જ કહી છે, પરંતુ અહીં સ્વયં ભગવાન પ્રગટ થઈને પોતાનો પરિચય આપતાં કહે છે કે 'હું જ સાક્ષાત્ પરમાત્મા છું, તું મારા શરણમાં આવી જા.' આ પ્રમાણે પ્રગટ થઈને પોતાનો પરિચય આપવો એ અર્જુન જેવા પોતાના અત્યંત પ્રેમી ભક્ત સામે જ સંભવિત છે; બીજાઓને એમ નથી કહી શકાતું કે 'હું જ સાક્ષાત્ પરમાત્મા છું, તમે મારા શરણમાં આવી જાઓ.'

અહીં ૬૪મા શ્લોકમાં 'તું મારું સર્વગુહ્યતમ શ્રેષ્ઠ વચન ફરીથી પણ સાંભળ' એમ કહીને ભગવાને પહેલાં નવમા અધ્યાયના ૩૪મા શ્લોકમાં કહેલા વચન તરફ સંકેત કર્યો છે. ત્યાં ૩૨મા શ્લોકમાં તો શરણાગતિનું માહાત્મ્ય છે અને ૩૪મા શ્લોકમાં તેનું સ્વરૂપ છે. તેને પણ ગુહ્યતમ કહ્યું છે. નવમા અધ્યાયના ૧લો અને ૨જો – એ શ્લોકોમાં **'અનસૂયવે'** પદથી અર્જુનને તેનો પરમ અધિકારી માનીને અને ગુહ્યતમ રહસ્યની ભારોભાર પ્રશંસા કરીને ગુહ્યતમ, રાજગુહ્ય વગેરે શબ્દોનો પ્રયોગ કરતાં કરતાં જે શરણાગતિરૂપી ભક્તિની વાત કહેવાની પ્રતિજ્ઞા કરી હતી તેનું જ પૂરા અધ્યાયમાં વર્ણન કર્યું છે તેમ જ અંતે ૩૪મા શ્લોકમાં શરણાગતિનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં-કરતાં જ અધ્યાયની સમાપ્તિ કરી છે. ભગવાન કહે છે –

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥

(ગીતા - ૯/૩૪)

'મારામાં મન પરોવ, મારો ભક્ત બન, મારું પૂજન કરનારો થા અને મને પ્રણામ કર. આ રીતે આત્માને મારામાં નિયુક્ત કરીને મારે પરાયણ થયેલો તું મને જ પામીશ.'

અહીં પ્રશ્ન એ થાય છે કે અહીં બતાવાયેલ શરણાગતિરૂપી ભક્તિનાં ચારે સાધનોમાંથી (કોઈ) એક સાધનના અનુષ્ઠાનથી જ ભગવત્પ્રાપ્તિ થઈ જાય છે કે પછી ચારેયના અનુષ્ઠાનથી? આનો ઉત્તર એ છે કે એક (સાધન)ના અનુષ્ઠાનથી જ ભગવત્પ્રાપ્તિ થઈ જાય છે; તો પછી ચારેય (સાધનો)ના અનુષ્ઠાનથી ભગવત્પ્રાપ્તિ થઈ જાય એમાં તો કહેવાનું જ શું હોય?

કેવળ **'मन्मना भव'** – ભગવાનમાં મન પરોવવાના સાધનથી

જ ભગવત્પ્રાપ્તિ-નું વચન આ જ અધ્યાયના ૨૨મા શ્લોક વડે સમજવું જોઈએ. ભગવાને કહ્યું છે –

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥

'જે અનન્ય-પ્રેમી ભક્તજનો મુજ પરમેશ્વરને નિરંતર ચિંતન કરતા રહીને નિષ્કામભાવે ભજે છે તે નિત્ય-નિરંતર મારું ચિંતન કરનારા મનુષ્યોના યોગક્ષેમનું હું સ્વયં વહન કરું છું.'

અહીં અપ્રાપ્તની પ્રાપ્તિનું નામ 'યોગ' છે અને પ્રાપ્તના રક્ષણનું નામ 'ક્ષેમ' છે. તેથી, ભગવાનની પ્રાપ્તિ માટે જે સાધન તેમને પ્રાપ્ત છે તેનું રક્ષણ તેને બધા પ્રકારનાં વિઘ્નો-અડચણોથી બચાવીને કરવું અને જે સાધનની ઊણપ છે તેની પૂર્તિ કરીને સ્વયં પોતાની પ્રાપ્તિ કરાવી દેવી એ જ તે પ્રેમી ભક્તોના યોગક્ષેમનું વહન કરવું છે.

ભક્તિમાર્ગમાં આ એક વિશેષતા છે કે સાધક ભક્તે કરેલા સાધનનું રક્ષણ અને તેના તે સાધનની ઊણપની પૂર્તિ પણ ભગવાન કરી દે છે. અહીં રક્ષણ કરવાનો અભિપ્રાય એવો છે કે જો કોઈ ભક્ત ભગવાન પાસેથી કોઈ સાંસારિક વસ્તુ માગે છે તો ભગવાન તેના માગવા છતાં પણ જો તેનાથી તેનું અહિત (થશે એમ) સમજે છે તો તે વસ્તુ તેને આપતા નથી. જેમ કે, નારદજીએ ભગવાન પાસેથી હરિનું રૂપ માગ્યું હતું, પરંતુ તેમાં તેમનું અહિત (થશે એમ) સમજીને, 'હરિ' શબ્દનો અર્થ વાનર પણ થતો હોવાને કારણે ભગવાને તેમને વાનરનું રૂપ આપ્યું અને તેના પરિણામસ્વરૂપે તેમના શાપનો પણ ભગવાને સ્વીકાર કર્યો; પરંતુ પોતાના ભક્તને કંચન અને કામિની (સુવર્ણ અને સુંદરી)થી એવી રીતે બચાવી લીધા કે જે રીતે એક હિતૈષી સદ્‌વૈદ્ય રોગીને કુપથ્યથી બચાવી લે છે.

કેવળ **'મદ્‌ભક્તો ભવ'** – ભગવાનની ભક્તિના સાધનથી ભગવાનની પ્રાપ્તિ આ જ અધ્યાયના ૩૦મો અને ૩૧મો – એ શ્લોકોમાં બતાવવામાં આવી છે.

કેવળ **'મદ્યાજી ભવ'** – ભગવાનના પૂજનથી ભગવાનની પ્રાપ્તિની વાત આ જ અધ્યાયના ૨૬મા શ્લોકથી સમજવી જોઈએ. ભગવાન કહે છે –

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥

'જે કોઈ ભક્ત મને પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે અર્પણ કરે છે તે શુદ્ધબુદ્ધિના નિષ્કામ પ્રેમી ભક્તનાં પ્રેમપૂર્વક અર્પણ કરેલાં પત્ર-પુષ્પ વગેરે હું સગુણરૂપે પ્રગટ થઈને પ્રેમપૂર્વક આરોગું છું.'

અહીં પણ એવી જિજ્ઞાસા થાય છે કે આ શ્લોકમાં પત્ર, પુષ્પ, ફળ, જળ – આ ચાર પદાર્થોના અર્પણની વાત કહેવામાં આવી છે; તેથી, આ ચારેયના સમર્પણથી ભગવાન પ્રગટ થઈને તેની ભેટ સ્વીકારે છે કે પછી કોઈ એકના સમર્પણથી પણ? તો, એનો ઉત્તર એ છે કે પ્રેમપૂર્વક (કરેલા) એકના સમર્પણથી પણ ભગવાન તેનો સ્વીકાર કરી લે છે; કારણ કે આમાં ક્રિયાઓ અને પદાર્થોનું પ્રાધાન્ય નથી, પ્રેમનું પ્રાધાન્ય છે. પ્રેમ હોવાથી ચારેયમાંથી એકને અર્પણ કરવાથી પણ તેનો ભગવાન સ્વીકાર કરી લે છે. જેમ કે – દ્રૌપદીના કેવળ (શાકનું એક) પાંદડું[૧] અર્પણ કરવાથી, ગજેન્દ્રના કેવળ પુષ્પ[૨]ની ભેટ આપવાથી,

---

૧. દ્રૌપદીની આ કથા મહાભારતના વનપર્વના ૨૬૩મા અધ્યાયમાં જોઈ શકાય છે.
૨. ગજેન્દ્રની કથા શ્રીમદ્‌ભાગવતના આઠમા સ્કંધના બીજા-ત્રીજા અધ્યાયોમાં જોઈ શકાય છે.

ભીલડીના કેવળ ફળ[૧]નું અર્પણ કરવાથી અને રાજા રન્તિદેવના કેવળ જળ[૨]નું અર્પણ કરવાથી જ ભગવાને પ્રગટ થઈને તેમનો આપેલો પદાર્થ ગ્રહણ કર્યો હતો. આ પ્રમાણે એ બધાં જ એક-એક પદાર્થનું અર્પણ કરીને જ ભગવાનને પામી ગયાં. તો પછી, બધા પ્રકારે ભક્તિપૂર્વક ભગવાનની પૂજા કરનારાને ભગવાન મળી જાય એમાં તો કહેવાનું જ શું હોય?

આ જ પ્રમાણે કેવળ **'નમસ્કુરુ'** – નમસ્કાર (પ્રણામ) કરવાથી પણ ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે; પરંતુ ગીતામાં ભગવાને પ્રણામની સાથે કીર્તન વગેરે ભક્તિનાં અન્ય અંગોનો પણ સમાવેશ કરી દીધો છે –

सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः।
नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते॥

(ગીતા - ૯/૧૪)

તે દૃઢ નિશ્ચયવાળા ભક્તો (નિરંતર) મારા નામ અને ગુણોનું કીર્તન કરતા રહીને, મારી પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતા રહીને અને મને વારંવાર પ્રણામ કરતા રહીને હંમેશાં મારા ધ્યાનમાં સંલગ્ન થઈને અનન્ય પ્રેમપૂર્વક મારી ઉપાસના કરે છે.'

મહાભારતના શાન્તિપર્વમાં તો કેવળ નમસ્કાર-માત્રથી પણ સંસારમાંથી ઉદ્ધાર થવાનું બતાવવામાં આવ્યું છે –

एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः।
दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय॥

(મહાભારત, શાન્તિપર્વ - ૪૭/૯૨)

---

૧. ભીલડીની કથા શ્રીરામચરિતમાનસના અરણ્યકાંડમાં જોઈ શકાય છે.

૨. મહારાજ રન્તિદેવની કથા શ્રીમદ્‌ભાગવતના નવમા સ્કંધના ૨૧મા અધ્યાયમાં જોઈ શકાય છે.

'ભગવાન શ્રીકૃષ્ણને એક વાર પણ કરેલા પ્રણામ દસ અશ્વમેધ યજ્ઞોના અંતે કરવામાં આવતા અવભૃથસ્નાન તુલ્ય હોય છે. એટલું જ નહીં, દસ અશ્વમેધ યજ્ઞો કરનારો તો તેમનું ફળ ભોગવીને ફરીથી સંસારમાં જન્મ લે છે, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણને પ્રણામ કરનારો ફરીથી સંસારમાં જન્મ લેતો નથી.'

ઉપર બતાવી દેવામાં આવ્યું છે કે નવમાના ૧લો અને ૨જો – એ શ્લોકોમાં ભગવાને પોતાની ભક્તિને સૌથી ગુહ્યતમ, રાજગુહ્ય અને વિજ્ઞાનસહિત-જ્ઞાન બતાવીને તેની ભારોભાર પ્રશંસા કરી છે તેમ જ તેને ઘણી જ ઉત્તમ અને સુગમ બતાવી છે. આવું સુગમ સાધન હોવા છતાં પણ બધાં જ તેમાં (ભક્તિમાં) સંલગ્ન થતાં નથી એમાં શ્રદ્ધા નહીં હોવી એ જ કારણ છે. ભગવાન કહે છે –

અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરન્તપ ।
અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ॥

(ગીતા - ૯/૩)

'હે પરંતપ! ઉપર્યુક્ત ધર્મમાં શ્રદ્ધા નહીં રાખનારા મનુષ્યો મને પ્રાપ્ત નહીં કરીને મૃત્યુરૂપી સંસાર-ચક્રમાં ભ્રમણ કરતા રહે છે.'

અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ભક્તિના સાધનમાં જેની શ્રદ્ધા નથી તેનું સંસારમાં એટલે કે ચોર્યાસી લાખ યોનિઓમાં ભ્રમણ કરવું એ તો સર્વથા સંભવિત છે; પણ અહીં તેમ કહેવાની સાથે જ 'મને પ્રાપ્ત નહીં કરીને' એમ કહેવાની શી આવશ્યકતા છે, કે જ્યારે તેને ભગવત્પ્રાપ્તિ થવાની કોઈ સંભાવના જ નથી? આનો ઉત્તર એ છે કે 'મને પ્રાપ્ત નહીં કરીને' – એ કથનથી એ સિદ્ધ થાય છે કે મનુષ્યમાત્રનો પરમાત્માની પ્રાપ્તિમાં જન્મસિદ્ધ અધિકાર છે. જેમ રાજાના પુત્રનો તે રાજ્ય પર જન્મસિદ્ધ સ્વાભાવિક અધિકાર હોવા છતાં પણ પિતામાં શ્રદ્ધા નહીં હોવાને કારણે તેને તે રાજ્યથી વંચિત કરવામાં

આવે તો કોઈ દોષની વાત બનતી નથી, તે જ રીતે ભગવાનની પ્રાપ્તિમાં મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર હોવા છતાં પણ ભગવાનમાં શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ નહીં હોવાને કારણે કોઈ તેનાથી (ભગવત્પ્રાપ્તિથી) વંચિત રહી જાય તો એ અનુચિત કહી શકાય નહીં.

તેથી મનુષ્યે શ્રદ્ધા-ભક્તિપૂર્વક નિત્ય-નિરંતર ભગવાનનું સ્મરણ કરવું જોઈએ; કારણ કે ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં – હરહંમેશ ભગવાનનું સ્મરણ કરવું એ સર્વોત્તમ છે. હરહંમેશ ભગવાનનું સ્મરણ કરવાથી અંતકાળે ભગવાનનું સ્મરણ સ્વાભાવિક જ થઈ જાય છે અને અંતકાળ-વેળાના સ્મરણનું ઘણું ભારે મહત્ત્વ છે. ભગવાન કહે છે –

અન્તકાલે ચ મામેવ સ્મરન્મુક્ત્વા કલેવરમ્ ।
યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥

(ગીતા - ૮/૫)

'જે મનુષ્ય અંતકાળે પણ મને જ સ્મરતો રહીને શરીર છોડીને અહીંથી જાય છે તે મારા સાક્ષાત્ સ્વરૂપને પામી લે છે, એમાં કશો જ સંશય નથી.'

જો એમ કહેવામાં આવે કે ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જે શરીર છોડે છે તેનો તો ભગવાન ઉદ્ધાર કરી દે છે અને જે તેમનું સ્મરણ કરતો નથી તેનો ઉદ્ધાર કરતા નથી, તો શું ભગવાન પણ પોતાની માન-મોટાઈ કરનારાનો જ પક્ષ લે છે? – તો એમ કહેવું બરાબર નથી; કારણ કે ભગવાને એવો નિયમ બનાવ્યો છે કે મૃત્યુવેળાએ જે મનુષ્ય પશુ, પક્ષી, કીડા, પતંગિયાં, મનુષ્ય, દેવતા, પિતૃઓ વગેરે કોઈના પણ સ્વરૂપનું ચિંતન કરતો-કરતો મરે છે તે તે-તે (સ્વરૂપ)ને પ્રાપ્ત કરે છે (ગીતા ૮/૬). આ ન્યાયથી, ભગવાનનું સ્મરણ કરતો-કરતો મરનારો (મનુષ્ય) ભગવાનને પ્રાપ્ત કરે છે. તેથી ઉપર્યુક્ત કથનથી ભગવાનમાં પક્ષપાતનો કે વિષમતાનો દોષ આવતો નથી. ભગવાને સ્વયં

કહ્યું પણ છે –

સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥

(ગીતા - ૯/૨૯)

'હું બધાં ભૂતોમાં સમભાવે વ્યાપક છું; ન તો કોઈ મને અપ્રિય છે કે ન તો પ્રિય છે, છતાં પણ જે ભક્તો મને પ્રેમથી ભજે છે તેઓ મારામાં છે અને હું પણ તેમનામાં પ્રત્યક્ષરૂપે પ્રગટ છું.'

શ્રીતુલસી-કૃત રામચરિતમાનસના કિષ્કિન્ધાકાંડમાં ભગવાન શ્રીરામ-ચંદ્રજીએ પણ ભક્ત હનુમાન પ્રત્યે કહ્યું છે –

સમદરસી મોહિ કહ સબ કોઊ। સેવક પ્રિય અનન્યગતિ સોઊ ॥

(રામચરિતમાનસ, કિષ્કિન્ધાકાંડ - ૩/૮)

અહીં એવી જિજ્ઞાસા થાય છે કે 'ભગવાન જ્યારે સમદર્શી થઈને પણ પોતાનું ભજન કરનારા માટે જ એમ કહે છે કે તે મારા હૃદયમાં છે અને હું તેના હૃદયમાં છું – તો શું આ વિષમતા નથી?' આનો ઉત્તર એ છે કે સૂર્ય બધાં ઉપર સમાનભાવે પ્રકાશ નાખે છે, પણ દર્પણમાં તેનું પ્રતિબિંબ પડે છે, લાકડામાં નહીં; અને સૂર્યમુખી (બિલોરી) કાચ તો સૂર્યનાં કિરણોને ખેંચીને રૂ, કપડું વગેરેને ભસ્મ પણ કરી નાખે છે. આ તે પદાર્થની જ વિશેષતા છે, એમાં સૂર્યમાં કોઈ વિષમતા નથી. તેવી જ રીતે ભગવાનના ભક્તના પ્રેમની જ ઉપર્યુક્ત વિશેષતા છે, તેથી ભગવાનમાં વિષમતાનો દોષ આવતો નથી.

તેથી હરહંમેશ ભગવાનના નામ અને રૂપનું સ્મરણ કરવું જોઈએ; કારણ કે શરીરનો કોઈ ભરોસો નથી; ખબર નહીં, ક્યારે પ્રાણ ચાલ્યા જાય! હરહંમેશ સ્મરણ કરનારા ભક્તને અંતકાળે ભગવાનનું સ્મરણ સ્વાભાવિક જ થઈ જાય છે. જે મનુષ્ય નિત્ય-નિરંતર પરમ દિવ્ય પુરુષ

પરમાત્માનું ચિંતન કરતો રહે છે તે ભગવાનની ભક્તિના પ્રભાવથી અંતકાળે ભગવાનનું સ્મરણ કરતો કરતો તે પરમ દિવ્ય પુરુષ પરમાત્માને પામી લે છે તથા જે ઇન્દ્રિયો અને મનનો બધી બાજુથી નિરોધ કરીને શ્રદ્ધા-ભક્તિપૂર્વક પરમાત્માના નામનું ઉચ્ચારણ અને તેમના સ્વરૂપનું ધ્યાન કરતો-કરતો શરીર છોડી જાય છે તે નિશ્ચિતપણે જ પરમગતિને પ્રાપ્ત કરી લે છે. (ગીતા - ૮/૮-૧૩)*

આથી જ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ, અષ્ટાંગયોગ, કર્મયોગ વગેરે ભગવત્પ્રાપ્તિ માટેનાં જેટલાં પણ સાધન છે તે સૌમાં ભગવદ્‌ભક્તિ સર્વોત્તમ છે. ભગવાને છઠ્ઠા અધ્યાયના ૪૭મા શ્લોકોમાં બતાવ્યું છે –

યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના ।
શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ॥

'સમસ્ત યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન યોગી મારામાં જોડાયેલા અંતરાત્માથી મને નિરંતર ભજે છે તે યોગી મને સૌથી શ્રેષ્ઠ માન્ય છે.'

આ જ પ્રમાણે અર્જુનના પૂછવાથી ભગવાને બારમા અધ્યાયના બીજા શ્લોકમાં પણ પોતાના ભક્તોને સૌથી ઉત્તમ બતાવીને ભક્તિનું મહત્ત્વ પ્રદર્શિત કર્યું છે –

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥

'મારામાં મનને એકાગ્ર કરીને નિરંતર મારા ભજન-ધ્યાનમાં રત રહેનારા જે ભક્તજનો અતિશય શ્રેષ્ઠ શ્રદ્ધાથી યુક્ત થઈને મુજ સગુણરૂપ પરમેશ્વરને ભજે છે તેઓ મને યોગીઓમાં અતિ ઉત્તમ યોગી (તરીકે) માન્ય છે.'

---

* આ વિષયનું વિસ્તૃત વિવરણ જોવું હોય તો 'ગીતા-તત્ત્વ-વિવેચની' ટીકામાં આઠમા અધ્યાયના ૮મા થી ૧૩મા સુધીના શ્લોકો પરની ટીકા વાંચી શકાય છે.

ભક્તિ સુગમ હોવાથી ઉત્તમ છે, એટલી જ વાત નથી; ભક્તિના માર્ગમાં એ વિશેષતા છે કે ભક્ત પોતાનાં નેત્રો વડે ભગવાનને જોઈ શકે છે (ગીતા - ૧૧/૫૪) તથા ભક્ત વડે પ્રેમપૂર્વક અર્પણ કરાયેલ પત્ર-પુષ્પ-ફળ વગેરેને ભગવાન પ્રત્યક્ષ પ્રગટ થઈને આરોગે છે (ગીતા - ૯/૨૬). આ વાત જ્ઞાનયોગ, અષ્ટાંગયોગ કે કર્મયોગથી સંભવિત નથી. તેથી ભક્તિને સર્વોત્તમ કહેવી એ શાસ્ત્રસંગત અને યુક્તિયુક્ત છે.

આ સિવાય, અનન્યચિત્તથી નિત્ય-નિરંતર સ્મરણ કરનારાને ભગવાન અનાયાસ જ મળી જાય છે –

અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥

(ગીતા - ૮/૧૪)

'હે અર્જુન! જે મનુષ્ય મારામાં અનન્યચિત્ત થઈને નિત્ય નિરંતર મને – પુરુષોત્તમને સ્મરતો રહે છે તે નિત્ય-નિરંતર મારામાં સંલગ્ન થયેલા યોગી માટે હું સુલભ છું અર્થાત્ તેને સહજપણે પ્રાપ્ત થઈ જાઉં છું.'

અનન્ય-ચિંતન કરનારા ભક્તને ભગવાન સહજપણે જ મળી જાય છે; એટલું જ નહીં, ભગવાન તેનો સંસાર-સમુદ્રમાંથી જલદી ઉદ્ધાર પણ કરી દે છે –

યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ॥
તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।
ભવામિ નચિરાત્ પાર્થ મય્યાવેશિતચેતસામ્ ॥

(ગીતા - ૧૨/૬-૭)

'મારે પરાયણ રહેનારા જે ભક્તજનો સમસ્ત કર્મોને મારામાં અર્પણ કરીને મુજ સગુણ-સ્વરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર

ચિંતન કરતા રહીને ભજે છે તે મારામાં ચિત્ત લગાડનારા પ્રેમી ભક્તોનો હે અર્જુન! હું સત્વરે મૃત્યુરૂપી સંસારસમુદ્રમાંથી ઉદ્ધાર કરનારો થાઉં છું અર્થાત્ હું તેમનો ઉદ્ધાર કરી દઉં છું.'

તેથી જ, આપણે અનન્ય ભક્તિયોગ વડે નિત્ય-નિરંતર ભગવાનનું ચિંતન કરતા રહીને તેમની ઉપાસના કરવી જોઈએ. સંસારમાં એક પરમેશ્વર સિવાય અન્ય કોઈ મારું પરમ હિતૈષી નથી, તેઓ જ મારું સર્વસ્વ છે – એમ સમજીને ભગવાન પ્રત્યે અત્યંત શ્રદ્ધાયુક્ત જે પ્રેમ કરવામાં આવે છે, જે પ્રેમમાં સ્વાર્થ અને અભિમાનનો જરા પણ દોષ નથી, જે સર્વથા પૂર્ણ અને અટલ છે, જેનો જરા જેટલો અંશ પણ ભગવાનથી ભિન્ન વસ્તુમાં નથી અને જેને કારણે ક્ષણમાત્ર માટે પણ ભગવાનનું વિસ્મરણ અસહ્ય થઈ પડે છે – તેને 'અનન્ય ભક્તિ' કહે છે. આવા અનન્ય ભક્તિયોગ વડે નિત્ય-નિરંતર ભગવાનનું ચિંતન કરતા રહીને તેમના ગુણ, પ્રભાવ અને ચરિત્રોનું શ્રવણ-કીર્તન કરવું તેમ જ તેમનાં પરમ પાવન નામોનું ઉચ્ચારણ અને જપ કરવો એ જ અનન્ય ભક્તિયોગ વડે ભગવાનનું ચિંતન કરતા રહીને તેમની ઉપાસના કરવી ગણાય. આ પ્રકારના અનન્ય ભક્તનો ભગવાન તરત જ ઉદ્ધાર કરી દે છે.

ભલેને મનુષ્ય કેટલોય પાપી કેમ ન હોય, ભક્તિના પ્રભાવથી તેનાં સમસ્ત પાપોનો નાશ જ માત્ર નથી થતો, બલકે તે પરમ ધર્માત્મા બની જાય છે અને પછી તેને પરમશાંતિ મળી જાય છે. ગીતાના નવમા અધ્યાયના ૩૦મો અને ૩૧મો – એ શ્લોકોમાં ભગવાન કહે છે –

અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ ।
કૌન્તેય પ્રતિ જાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥

'જો કોઈ અત્યંત દુરાચારી પણ અનન્યભાવથી મારો ભક્ત બનીને મને ભજે છે તો તે સાધુ જ માનવા યોગ્ય છે; કારણ કે તેનો નિશ્ચય યથાર્થ છે અર્થાત્ તેણે સમ્યક્પણે નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વર અને તેમના ભજન જેવું અન્ય કશુંય નથી. તેથી તે સત્વરે ધર્માત્મા થઈ જાય છે અને સદાકાળ રહેનારી (શાશ્વત) શાન્તિને પામે છે. હે કૌન્તેય! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભક્ત નાશ પામતો નથી.'

સંસાર-સાગરમાંથી જીવનો ઉદ્ધાર થવો એ ઘણું જ મુશ્કેલ છે, પરંતુ ભગવાનનું શરણ લેવાથી આ મુશ્કેલ કાર્ય પણ સુ-સાધ્ય બની જાય છે. ભગવાને કહ્યું છે –

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ॥
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥

(ગીતા - ૭/૧૪)

'કારણ કે આ અલૌકિક અર્થાત્ અતિ અદ્ભુત ત્રિગુણમયી મારી માયા ઘણી દુસ્તર (તરીને પાર કરવી મુશ્કેલ) છે, પરંતુ જે મનુષ્યો કેવળ મને જ નિરંતર ભજે છે તેઓ આ માયાને પાર કરી જાય છે અર્થાત્ સંસાર(સાગર)ને તરી જાય છે.'

ભગવાનની ભક્તિના પ્રભાવથી ભગવાનનું યથાર્થ જ્ઞાન પણ થઈ જાય છે અને જ્ઞાનની સાથે જ તેને (ભક્તને) ભગવાન પણ મળી જાય છે. ભગવાન સ્વયં પોતાના તે અનન્ય ભક્તને તે જ્ઞાન પ્રદાન કરે છે, કે જેનાથી તેને તેમની પ્રાપ્તિ અનાયાસ જ થઈ જાય છે. ભગવાન કહે છે –

અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે ।
ઈતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતાઃ ॥
મચ્ચિત્તા મદ્ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્ ।
કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ ॥

તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ॥

(ગીતા - ૧૦/૮-૧૦)

'હું વાસુદેવ જ સમસ્ત જગતની ઉત્પત્તિનું કારણ છું અને મારા થકી જ સમગ્ર જગત ચેષ્ટા કરે છે (ક્રિયાશીલ છે) – આ પ્રમાણે સમજીને શ્રદ્ધા અને ભક્તિથી યુક્ત બુદ્ધિમાન ભક્તજનો મુજ પરમેશ્વરને જ નિરંતર ભજે છે. નિરંતર મારામાં મન પરોવનારા અને મારામાં જ પ્રાણોનું અર્પણ કરનારા તે ભક્તજનો મારી ભક્તિની ચર્ચા દ્વારા પરસ્પરમાં મારા તત્ત્વ, રહસ્ય અને પ્રભાવને જણાવતા રહીને તથા ગુણ અને પ્રભાવ સહિત મારું કથન કરતા રહીને જ નિરંતર સંતુષ્ટ રહે છે અને મુજ વાસુદેવમાં જ નિરંતર રમણ કરે છે. નિરંતર મારા ધ્યાન વગેરેમાં સંલગ્ન રહેલા અને પ્રેમપૂર્વક મને ભજનારા તે ભક્તોને હું તે તત્ત્વજ્ઞાનરૂપી યોગ આપું છું, કે જેનાથી તેઓ મને જ પ્રાપ્ત કરી લે છે.'

વાત એ છે કે જે મનુષ્ય ભગવાનના સ્વરૂપ અને પ્રભાવને તત્ત્વથી જાણી લે છે તે સમસ્ત પાપોમાંથી મુક્ત થઈને પરમાત્માને પામી જાય છે (ગીતા ૧૦/૩, ૮). ભગવાનના સ્વરૂપ અને પ્રભાવનું વર્ણન ગીતાના સાતમા અધ્યાયના ૭માથી ૧૨મા સુધીના શ્લોકોમાં, નવમા અધ્યાયના ૧૭માથી ૧૯મા સુધીના શ્લોકોમાં તેમ જ પંદરમા અધ્યાયના ૧૨માથી ૧૫મા સુધીના શ્લોકોમાં તથા અન્ય પણ અનેક સ્થળોએ કરવામાં આવ્યું છે. તે બધાનો સાર ભગવાને દશમા અધ્યાયના ૪૧મો અને ૪૨મો - એ શ્લોકોમાં બતાવ્યો છે. તેઓ કહે છે –

યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા ।
તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંઽશસમ્ભવમ્ ॥

(ગીતા - ૧૦/૪૧)

'જે-જે પણ વિભૂતિયુક્ત અર્થાત્ ઐશ્વર્યયુક્ત, કાન્તિયુક્ત અને શક્તિયુક્ત વસ્તુઓ છે તે-તેને (હે અર્જુન!) તું મારા તેજના એક અંશની જ અભિવ્યક્તિ (પ્રાગટ્ય) જાણ.'

ભાવ એ છે કે દસમા અધ્યાયના ૪થાથી ૬ઠ્ઠા સુધીના શ્લોકોમાં તથા ૧૯માથી ૪૦મા સુધીના શ્લોકોમાં તેમ જ ગીતાનાં અન્ય બીજાં સ્થળોએ જે કોઈ પણ વિભૂતિઓ બતાવવામાં આવી છે તેમ જ સમસ્ત સંસારના જડ-ચેતન, સ્થાવર-જંગમ - સમસ્ત પદાર્થોમાં જે પણ બળ, બુદ્ધિ, તેજ, ગુણ, પ્રભાવ વગેરે પ્રતીત થાય છે તે તમામે-તમામ મળીને પણ ભગવાનના પ્રભાવના કેવળ એક અંશમાત્રનો જ પ્રાદુર્ભાવ છે.

અથવા બહુનૈતેન કિં જ્ઞાતેન તવાર્જુન।
વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમેકાંશેન સ્થિતો જગત્॥

(ગીતા - ૧૦/૪૨)

'અથવા હે અર્જુન! આ વધારે જાણીને તારું શું પ્રયોજન છે? હું આ સમસ્ત જગતને પોતાની યોગમાયાના એક અંશમાત્રથી ધારણ કરી રહેલો છું.'

જેમ જળનો પરપોટો સમુદ્રનો એક અંશમાત્ર છે તેવી જ રીતે તમામ ગુણ અને પ્રભાવ સહિત સઘળું બ્રહ્માંડ પરમાત્માના કોઈ એક અંશમાં છે – આ પ્રમાણે સમજીને જે મનુષ્ય દસમા અધ્યાયના ઉપર્યુક્ત ૮માથી ૧૦મા સુધીના શ્લોકો અનુસાર પરમાત્માની ઉપાસના કરે છે તે અનાયાસ જ પરમાત્માને પામી લે છે.

ઉપર્યુક્ત વિવેચનથી એ વાત સિદ્ધ થઈ ગઈ કે ભગવાનની ભક્તિ જ્ઞાનયોગ, અષ્ટાંગયોગ, કર્મયોગ વગેરે બધાં જ સાધનોની તુલનામાં ઉત્તમ, સુગમ અને સુલભ છે; એટલું જ નહીં, ભક્તિથી સત્વરે સઘળાં પાપોનો નાશ થઈને, ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે અને મનુષ્ય આ

દુસ્તર સંસાર-સમુદ્રમાંથી તરી જઈને ભગવાનનું દર્શન પામી લે છે તેમ જ ભગવાનને તત્ત્વથી જાણીને તેમનામાં પ્રવેશ પણ કરી શકે છે. ભગવાને કહ્યું છે –

ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુન ।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ॥

(ગીતા - ૧૧/૫૪)

'હે પરંતપ અર્જુન! અનન્ય ભક્તિ વડે આ પ્રકારના (ચતુર્ભુજ) રૂપવાળો હું પ્રત્યક્ષ દેખાવા માટે, તત્ત્વથી જાણવા માટે તથા પ્રવેશ કરવા માટે અર્થાત્ એકાત્મભાવે પ્રાપ્ત થવા માટે પણ શક્ય છું.'

આમ તો જ્ઞાનયોગ વડે પણ પાપોનો નાશ થાય છે અને પરમાત્માના જ્ઞાનની અને પરમશાંતિની પ્રાપ્તિ થઈ શકે છે (ગીતા - ૪/૩૪-૩૬, ૩૯), પરંતુ તેનાથી સગુણ-સાકાર ભગવાનનું સાક્ષાત્ દર્શન થતું નથી. અનન્ય ભક્તિથી તો પરમાત્માના જ્ઞાનની અને પરમાત્માની પ્રાપ્તિ એટલે કે પરમાત્મામાં એકાત્મભાવે પ્રવેશ થવા ઉપરાંત તેમનું સાક્ષાત્ દર્શન થવું એ પણ સંભવિત છે. તેથી ભગવાનની અનન્ય ભક્તિનો માર્ગ સર્વોત્તમ છે.

અહીં તે અનન્ય ભક્તિનું સ્વરૂપ જાણવા માટે અનન્ય ભક્તનાં લક્ષણો (ભગવાન) બતાવે છે –

મત્કર્મકૃન્મત્પરમો મદ્ભક્તઃ સઙ્ગવર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ॥

(ગીતા - ૧૧/૫૫)

'હે પાંડવ! જે મનુષ્ય સમસ્ત કર્તવ્ય-કર્મો મારા માટે જ કરનારો છે, મારે પરાયણ છે, મારો ભક્ત છે, આસક્તિરહિત છે અને સમસ્ત ભૂતપ્રાણીઓમાં વેરભાવથી રહિત છે તે અનન્ય ભક્તિયુક્ત મનુષ્ય મને

જ પ્રાપ્ત કરે છે.'

જો એમ કહેવામાં આવે કે 'ભગવાન માટે કર્મ કરવાં, ભગવાનને પરાયણ થવું અને ભગવાનના ભક્ત થવું – આ જે ત્રણ વાતો બતાવવામાં આવી છે તે ત્રણેયના અનુષ્ઠાનથી ભગવત્પ્રાપ્તિ થાય છે કે પછી કોઈ એકના અનુષ્ઠાનથી પણ?' તો એનો ઉત્તર એ છે કે આ ત્રણેયના અનુષ્ઠાનથી ભગવત્પ્રાપ્તિ થઈ જાય છે – એમાં તો કહેવાનું જ શું છે, પણ કોઈ એકના અનુષ્ઠાનથી પણ થઈ શકે છે. કેવળ 'ભગવાન માટે' કર્મ કરવાથી પણ મનુષ્યને ભગવત્પ્રાપ્તિરૂપી સિદ્ધિ પ્રાપ્ત થાય છે એ વાત ભગવાને ગીતાના બારમા અધ્યાયના ૧૦મા શ્લોકમાં બતાવી છે –

મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમવાપ્સ્યસિ ॥

'હે અર્જુન! તું મારા નિમિત્તે કર્મો કરતો રહીને પણ મારી પ્રાપ્તિરૂપી સિદ્ધિને જ પામીશ.'

તથા કેવળ 'ભગવાનને પરાયણ' થવાથી પણ ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે. ભગવાને કહ્યું છે –

માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુઃ પાપયોનયઃ ।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેઽપિ યાન્તિ પરાં ગતિમ્ ॥

(ગીતા - ૯/૩૨)

'હે પાર્થ! સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર તથા પાપયોનિ - ચાંડાલ વગેરે જે કોઈ પણ હોય તેઓ પણ મારા શરણે થઈને પરમગતિને પામે છે.'

તેમ જ, કેવળ 'ભગવાનની ભક્તિ'થી પણ ભગવત્પ્રાપ્તિ થઈ જાય છે –

દેવાન્દેવયજો યાન્તિ મદ્ભક્તા યાન્તિ મામપિ ॥

(ગીતા - ૭/૨૩ ઉત્તરાર્ધ)

'દેવતાઓને પૂજનારાઓ દેવતાઓને પ્રાપ્ત કરે છે અને મારા ભક્તો – ભલે ગમે તે રીતે પણ મને ભજે છે તો અંતે મને જ પ્રાપ્ત કરે છે.'

આવા ભક્ત ચાર પ્રકારના હોય છે –

ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન ।
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ॥

(ગીતા ૭/૧૬)

'હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન! ઉત્તમ કર્મ કરનારા અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની – આ ચાર પ્રકારના ભક્તજનો મને ભજે છે.'

આ ચારેમાં અર્થાર્થી ભક્ત કરતાં આર્ત, આર્ત કરતાં જિજ્ઞાસુ અને જિજ્ઞાસુ કરતાં જ્ઞાની (નિષ્કામ) ભક્ત શ્રેષ્ઠ છે. અર્થાર્થી કરતાં આર્ત ભક્ત એટલા માટે શ્રેષ્ઠ છે કે તે પત્ની, પુત્ર, ધનસંપત્તિની તે વાત જ શી, રાજ્ય-ભોગ પણ ભગવાન પાસેથી માગતો નથી. જેમ કે – ધ્રુવે[૧] માગ્યું હતું; પરંતુ દ્રૌપદી[૨]ની જેમ કોઈ ઘણું મોટું સંકટ આવી પડવાથી તેના નિવારણ માટે યાચના કરે છે; પણ જિજ્ઞાસુ તો મોટામાં મોટું સાંસારિક સંકટ આવી પડવા છતાં પણ તે સંકટના નિવારણ માટે પ્રાર્થના કરતો નથી, બલકે ભક્ત ઉદ્ધવ[૩]ની જેમ સંસાર-સાગરમાંથી આત્માનો ઉદ્ધાર કરવા માટે પરમાત્માને તત્ત્વથી જાણવાની જ ઇચ્છા કરે છે. તેથી આર્ત કરતાં પણ જિજ્ઞાસુ શ્રેષ્ઠ છે; પરંતુ ભક્ત પ્રહ્‌લાદ[૪]ની જેમ નિષ્કામ જ્ઞાની ભક્ત તો પોતાની મુક્તિ

---

૧. ભક્ત ધ્રુવનો પ્રસંગ શ્રીમદ્‌ભાગવતમાં ચોથા સ્કંધના ૮મા, ૯મા અધ્યાયોમાં જોઈ શકાય છે.

૨. દ્રૌપદીનો આ પ્રસંગ મહાભારતમાં સભાપર્વના ૬૮મા અધ્યાયમાં વાંચી શકાય છે.

૩. ભક્ત ઉદ્ધવનો પ્રસંગ શ્રીમદ્‌ભાગવતમાં અગિયારમા સ્કંધના ૭માથી ૨૯મા સુધીના અધ્યાયોમાં જોઈ શકાય છે.

૪. ભક્ત પ્રહ્‌લાદનો પ્રસંગ શ્રીમદ્‌ભાગવતમાં સાતમા સ્કંધના ૪થાથી ૧૦મા સુધીના અધ્યાયોમાં જોઈ શકાય છે.

માટે પણ યાચના કરતો નથી. તેથી નિષ્કામ જ્ઞાની ભક્તને સૌથી શ્રેષ્ઠ બતાવવામાં આવ્યો છે.

આ ચારેમાં જ્ઞાની ભક્ત ભગવાનને અતિશય પ્રિય છે; કારણ કે જ્ઞાનીને ભગવાન અતિશય પ્રિય છે. સાતમા અધ્યાયના ૧૭મા શ્લોકમાં ભગવાન સ્વયં કહે છે –

તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ।
પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિયઃ ॥

'તેમનામાંનો નિત્ય મારામાં એકાત્મભાવે સ્થિત અનન્ય પ્રેમ-ભક્તિયુક્ત જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ છે; કારણ કે મને તત્ત્વથી જાણનારા તે જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું, તેથી તે જ્ઞાની ભક્ત મને અત્યંત પ્રિય છે.'

કારણ કે ભગવાનની એ ટેક છે કે 'જે મને જે પ્રકારે ભજે છે, હું પણ તેને તે પ્રકારે ભજું છું.' (ગીતા - ૪/૧૧)

એટલું જ નહીં, જે ભગવાનને પ્રેમથી ભજે છે તેને ભગવાન પોતાના હૃદયમાં વસાવી લે છે. ભગવાને ગીતામાં નવમા અધ્યાયના ૨૯મા શ્લોકમાં કહ્યું છે કે 'જે ભક્તો મને પ્રેમથી ભજે છે તેઓ મારામાં છે અને હું પણ તેમનામાં પ્રત્યક્ષ પ્રગટ છું.'

જો પૂછવામાં આવે કે 'શું આવા જ્ઞાની નિષ્કામ ભક્ત સિવાયના અન્ય ભક્તો શ્રેષ્ઠ નથી અને શું તેમનો ઉદ્ધાર નથી થતો?' – તો, એવી વાત નથી. આ બધા જ ભક્તો શ્રેષ્ઠ છે અને બધાયનો ઉદ્ધાર થાય છે; પરંતુ જ્ઞાની નિષ્કામ ભક્ત સર્વોત્તમ છે. જ્ઞાની નિષ્કામ ભક્તને તો ભગવાને પોતાનું સ્વરૂપ જ બતાવ્યો છે –

ઉદારાઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ।
આસ્થિતઃ સ હિ યુક્તાત્મા મામેવાનુત્તમાં ગતિમ્ ॥

(ગીતા - ૭/૧૮)

'આ બધા જ ઉદાર છે, પરંતુ જ્ઞાની તો સાક્ષાત્ મારું સ્વરૂપ જ છે – આવો મારો મત છે; કારણ કે તે મારામાં રહેલ મનબુદ્ધિવાળો જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ ગતિસ્વરૂપ મારામાં પણ સારી રીતે સ્થિત છે.'

ઉદારનો અર્થ છે શ્રેષ્ઠ. ભગવાનના કથનનો ભાવ એ છે કે 'તે ભક્તો પહેલાં મને ભજે છે, ત્યારે જ તે પછી હું તેમને ભજું છું તથા તેઓ પોતાનો અમૂલ્ય સમય મારા પર શ્રદ્ધા-વિશ્વાસ કરીને ન્યોછાવર કરી દે છે, આ તેમની ઉદારતા છે; તેથી તેઓ શ્રેષ્ઠ છે અને મારી ભક્તિ સકામ, નિષ્કામ કે અન્ય કોઈ પણ ભાવે કેમ ન કરવામાં આવે, તોપણ મારા ભક્તનો ઉદ્ધાર થઈ જ જાય છે (ગીતા ૭/૨૩); પરંતુ પ્રેમ અને નિષ્કામભાવની તેમનામાં ઊણપ હોવાને કારણે તેમને મારી પ્રાપ્તિ કરવામાં વિલંબ થઈ શકે છે. મારી ઉપાસનાની તો વાત જ શી છે, જેઓ બીજા દેવતાઓની ઉપાસના કરે છે તેઓ પણ મારી જ ઉપાસના કરે છે; પરંતુ તેઓ તત્ત્વથી મને નહીં જાણવાને કારણે આ લોક અથવા સ્વર્ગ વગેરે પરલોકરૂપી નાશવંત ફળને જ પ્રાપ્ત કરે છે.

अन्तवत्तु फलं तेषां तद् भवत्यल्पमेधसाम्।

(ગીતા - ૭/૨૩ પૂર્વાર્ધ)

'કારણ કે તે અલ્પ-બુદ્ધિવાળાઓનું તે ફળ નાશવંત છે.'

સાતમા અધ્યાયના પહેલા શ્લોકમાં સમગ્ર રૂપને જાણવાની જે વાત કહેવામાં આવી છે તેનો ભગવાને એ જ અભિપ્રાય બતાવ્યો છે કે 'જે કંઈ પણ છે તે મારાથી ભિન્ન નથી' (ગીતા - ૭/૭) અને 'સર્વ કાંઈ મારું જ સ્વરૂપ છે' (ગીતા - ૭/૧૯); તથા આ 'તત્ત્વને જાણનારો નિષ્પાપ તથા રાગદ્વેષજનિત મોહથી મુક્ત ભગવદ્‌ભક્ત ભગવાનના શરણે થઈને ભગવાનના સમગ્ર રૂપને જાણી લે છે' (ગીતા - ૭/૨૮-૩૦).

આવા જ્ઞાની ભગવત્પ્રાપ્ત મહાત્મા ભક્તની જે સ્થિતિ છે તેની

ભગવાને ભારે પ્રશંસા કરી છે (ગીતા - ૧૨/૧૩-૧૯). ભગવાને તેને પોતાનો પ્રિય ભક્ત કહ્યો છે; પરંતુ જે સાધક તે જ્ઞાની ભક્તનાં લક્ષણોને લક્ષ્ય બનાવીને તે અનુસાર શ્રદ્ધાપૂર્વક સાધન કરે છે તેને તો ભગવાને પોતાનો અતિશય પ્રિય બતાવ્યો છે; કારણ કે તેણે ભગવાન પર શ્રદ્ધા-વિશ્વાસ કરીને પોતાનું જીવન ભગવાન માટે જ ન્યોછાવર કરી દીધું છે. ભગવાન કહે છે –

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

(ગીતા - ૧૨/૨૦)

'પરંતુ જે શ્રદ્ધાવાન મનુષ્યો મારે પરાયણ થઈને આ ઉપર્યુક્ત ધર્મમય અમૃતનું નિષ્કામ પ્રેમભાવથી સેવન કરે છે તે ભક્તો મને અતિશય પ્રિય છે.'

જ્યારે કેવળ મન-બુદ્ધિને ભગવાનમાં પરોવવાથી જ ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે (ગીતા ૮/૭; ૧૨/૮), તો પછી જે મનુષ્ય સર્વસ્વ ભગવાનને સમર્પણ કરીને તમામ પ્રકારે ભગવાનને ભજે છે તેનો ઉદ્ધાર થવા બાબતે તો કહેવાનું જ શું છે?

પ્રેમપૂર્વક વિરહની વ્યાકુળતામાં ભગવાનના મિલનની અતિશય તીવ્ર ઇચ્છા થવી જોઈએ. આ તીવ્ર ઇચ્છા જ સૌથી શ્રેષ્ઠ અને ક્ષણભરમાં ભગવત્પ્રાપ્તિ કરવાનો ઉપાય છે. જેમ જળના વિયોગમાં માછલી જળ વિના તડપી-તડપીને મરી જાય છે તેવી જ તડપન (તલસાટ) ભગવાનના વિરહમાં થવી જોઈએ. જો કહેવામાં આવે કે માછલી તો તડપીને મરી જાય છે, તેને જળ તો મળતું નથી – તો એમ કહેવું બરાબર છે; પરંતુ જળ તો જડ છે, તેથી તેનામાં મિલનની ઇચ્છા હોઈ જ શકતી નથી, પણ ભગવાન તો ચેતન અને સુહૃદ છે અર્થાત્ વગર કારણે જ દયા અને પ્રેમ કરનારા છે, તેઓ એક ક્ષણનો પણ વિલંબ કેમ કરી શકે? **('પરમશાન્તિનો માર્ગ' નામના પુસ્તકમાંથી)**

વેપારમાં માલિકની પૂંજી બનતી રહે અને આવનારા મહાજનોની દરેક રીતે સેવા થતી રહે – આ જ ભાવથી સૌએ બધાંની સાથે વ્યવહાર કરવો જોઈએ. પોતપોતાનાં કર્મો વડે ગ્રાહકોને સરળતાપૂર્વક નિઃસ્વાર્થ બુદ્ધિથી સુખ પહોંચાડવું એ જ સ્વ-કર્મો વડે પરમાત્માની પૂજા કરવી ગણાય; અને આ પૂજારૂપી ભક્તિથી પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે એમાં કોઈ સંદેહ નથી. આ ભાવને જાગ્રત રાખવા માટે ભગવાનના નામ-જપની આવશ્યકતા છે. જેમ બ્યુગલના અવાજથી સિપાઈ સાવધાન રહે છે તેવી જ રીતે નામ-જપનું બ્યુગલ વગાડતા રહીને મન-ઇન્દ્રિયોને હંમેશાં સાવધાન રાખવાં જોઈએ અને બુદ્ધિ થકી શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૮મા અધ્યાયના ૪૬મા મંત્ર (શ્લોક)નું વારંવાર મનન કરીને – વિચાર કરીને તે અનુસાર પોતાને બનાવવાની કોશિશ કરવી જોઈએ. આમ થઈ જવાથી અનાયાસ જ 'વેપાર દ્વારા મુક્તિ' થઈ શકે છે.

('કલ્યાણપ્રાપ્તિના ઉપાય' નામના પુસ્તકમાંથી)

સ્ત્રીઓએ શૌચાચાર, સદાચાર અને અંતઃકરણની પવિત્રતા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. શરીર અને ઘરની સફાઈ વગેરે શૌચાચારનાં જ અંગો છે તથા સૌની સાથે ઉત્તમ વ્યવહાર કરવો એ સદાચાર છે. શૌચાચાર અને સદાચાર – આ બંનેય અંતઃકરણની પવિત્રતામાં ખૂબ જ સહાયક છે. કામ-ક્રોધ, લોભ-મોહ, અભિમાન-અહંકાર, રાગ-દ્વેષ, મદ-મત્સર વગેરે દુર્ગુણોનો અભાવ તથા પૂર્વસંચિત પાપોનો નાશ એ જ અંતઃકરણની પવિત્રતા છે. તેથી તેમનો નાશ કરવાની વિશેષ કોશિશ કરતા રહેવું જોઈએ. આધ્યાત્મિક, ધાર્મિક, નૈતિક, સામાજિક અને વ્યાવહારિક બોધ કરાવતાં પુસ્તકો પોતે વાંચવાં જોઈએ અને બાળકોને પણ વંચાવવાં જોઈએ.

('સ્ત્રીઓ માટે કર્તવ્ય-બોધ' નામના પુસ્તકમાંથી)

તમે ઈશ્વરના કોઈ પણ નામમાં અથવા કોઈ પણ રૂપમાં શ્રદ્ધા કરો, તો તમારી તે શ્રદ્ધા ઈશ્વરમાં શ્રદ્ધા જ સમજવામાં આવશે; કારણ કે બધાં જ નામ-રૂપ ઈશ્વરનાં છે. તમને જે ધર્મ પ્રિય હોય; જે ઋષિ, મહાત્મા કે મહાપુરુષ પર તમારો વિશ્વાસ હોય, તમે તેના પર શ્રદ્ધા રાખીને તે અનુસાર વર્તી શકો છે. આવશ્યકતા શ્રદ્ધા-વિશ્વાસની છે. ઈશ્વર, ધર્મ, પરલોક વગેરે વિશેષ કરીને શ્રદ્ધાના જ વિષય છે. તેમની પ્રત્યક્ષ પ્રાપ્તિ તો અનેક પ્રયત્નો સાથેનો વિશેષ પરિશ્રમ કરવાથી થાય છે. આરંભમાં તો આ વિષયો માટે કોઈ ને કોઈના પર વિશ્વાસ કરવો જ પડે છે; એવું ન કરે તો મનુષ્ય નાસ્તિક બને છે અને તેથી શ્રેયના માર્ગેથી પતન પામે છે, સાધનથી વિમુખ થઈને પતિત થઈ જાય છે.

('શીઘ્ર કલ્યાણનાં સોપાન' નામના પુસ્તકમાંથી)

આજકાલ સંસારમાં સામ્યવાદની મોટી ચર્ચા છે. બધી બાબતોમાં સમતાનો વ્યવહાર હોય તેને જ લોકો સામ્યવાદ સમજી રહ્યા છે અને એવો જ ઉદ્યમ કરી રહ્યા છે, કે જેનાથી વ્યવહાર-માત્રમાં સમતા આવી જાય. પરંતુ વિચાર કરી જોતાં ખબર પડે છે કે પરમાત્માની આ વિષમ સૃષ્ટિમાં બધા જ વ્યવહારોમાં સમતા ક્યારેય હોઈ જ શકતી નથી અને સમતા હોવાની આવશ્યકતા પણ નથી. નથી તો સંસારમાં સૌની આકૃતિ એકસરખી, કે નથી તો બુદ્ધિ, બળ, શરીર, સ્વભાવ, ગુણ, કર્મ વગેરેમાં પણ સમતા હોતી. આવી પરિસ્થિતિમાં દેશ-કાળ, પાત્ર અને પદાર્થોમાં સર્વત્ર સમાનભાવે સમતા કદાપિ સંભવિત નથી. તેથી જ આવો સામ્યવાદ સફળ થતો નથી અને ક્યારેય સફળ થઈ શકતો નથી.

('અમૂલ્ય બોધ' નામના પુસ્તકમાંથી)